**આજનો સુવિચાર**

બીજાની ખુશી જોઈને ક્યારેય દુઃખી થવું નહીં સુરજ હોય કે ચંદ્ર બધા પોતાના સમયે જ ચમકે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૩૫ જૂનાગઢ તા.૨૫-૫-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઇન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 135, Junagadh : Date : 25 May, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# એસએસસી ધો.૧૦નું ૬૪.૬૨ ટકા પરીણામ

## એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓમાં ૫૦ ટકાનો ઘટાડો : સુરત જીલ્લાનું સૌથી વધુ ૭૬.૪૫ ટકા, જયારે દાહોદ જીલ્લાનું સૌથી ઓછું ૪૦.૭૫ ટકા પરીણામ

ગાંધીનગર તા.૨૫ : રાજય શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવાયેલી ધો.૧૦ (એસ.એસ.સી.) પરીક્ષાનું આજરોજ ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગત ૨૦૨૨માં આવેલા ૬૫.૧૮ ટકા કરતા આ વર્ષના પરિણામમાં સામાન્ય ઘટાડો થયો છે. એ-૧ ગ્રેડમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ફરી ૫૦ ટકાથી વધુ કડાકો બોલતા અગાઉના વર્ષની સરખામણીએ ૬૧૧૧ છાત્રો એ-૧ ગ્રેડમાં સ્થાન પામ્યા છે. આ જ રીતે એ-૨ ગ્રેડના છાત્રો પણ ઘટયા છે.

સમગ્રરાજયમાં સુરત જિલ્લાનું સૌથી ઉંચુ ૭૬.૪૫ ટકા પરિણામ આવ્યું છે અને સૌથી વધુ એ-૧ ગ્રેડનાં છાત્રો પણ સુરત જિલ્લાના ૧૨૭૯ છે. ત્યારબાદ બીજા ક્રમે મોરબી જિલ્લો ૭૫.૪૩ ટકા સાથે છે, મોરબીજિલ્લાના ૧૮૪ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં છે તો રાજકોટ જિલ્લાના ૮૪૩ છાત્રોને એ-૧ ગ્રેડમાં સ્થાન સાથે રાજયમાં પરિણામમાં ત્રીજા ક્રમે (૭૨.૭૪ ટકા) સાથેસ્થાન મળ્યું છે. ધો.૧૦ની પરીક્ષાના એકંદર પરિણામ પર નજર કરીએ તો આ વર્ષે ૯૫૮ કેન્દ્ર પરથી ૭૩૪૮૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૪૭૪૮૯૩વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે.રાજયમાંસૌથી વધુપરિણામ ગત વર્ષની જેમ જ સુરત જિલ્લાનું ૭૬.૪૫ ટકા આવ્યું છે અને સૌથી ઓછું પરિણામ દાહોદ જિલ્લાનું ૪૦.૭૫ ટકા આવ્યું છે કેન્દ્રોમાં સૌથી વધુ પરિણામ બનાસકાંઠાના કુંભારીયાનું ૯૫.૯૨ ટકા અને સૌથી ઓછું નર્મદા જિલ્લાના ઉતાવળી કેન્દ્રનું માત્ર ૧૧.૯૪ ટકા પરીણામ આવ્યું છે. રાજયમાં ૧૦૦ ટકા પરિણામવાળી ૨૭૨, ૩૦ ટકા કરતા ઓછા પરિણામવાળી ૧૦૮૪ અને ૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૫૭ છે.

આ વર્ષનું પરિણામ ગત વર્ષથી ઓછું છે. પરંતુ ટોપ ગ્રેડ એ-૧માં વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૨માં એ-૧માં ૧૨૦૯૦ વિદ્યાર્થી સ્થાન પામ્યા હતા. તે સંખ્યા આ વર્ષે ૬૧૧૧ રહી ગઈ છે. એ-૨ ગ્રેડમાં ગત વર્ષે ૫૨૯૯૨ વિદ્યાર્થી હતા જે આ વર્ષે ઘટીને ૪૪૪૮૦ થયા છે. બી-૧ અને બી-૨ ગ્રેડના વિદ્યાર્થીઓમાં પણ ગત વર્ષ કરતા ઘટાડો નોંધાયો છે. આ વર્ષે પણ વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યુ છે, ૭૦.૬૨ ટકા છાત્રા અને ૫૯.૫૮ ટકા છાત્રો આ પરીક્ષામાં ઉતીર્ણ થયા છે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું પરિણામ ૮૧.૯૦ ટકા, ગુજરાતી માધ્યમનું ૬૨.૧૧ ટકા અને હિન્દી માધ્યમનું ૬૪.૬૭ ટકા નોંધાયું છે. ૩૦ કોપી કેસ ઉપરાંત સીસીટીવી પરથી નોંધાયેલા ૬૮૧ ગેરરીતિના કેસમાં પરિણામ અનામત રાખવામાં આવ્યા છે. આ વર્ષની પરીક્ષામાં ૭૪૧૪૧૧ વિદ્યાર્થી નોંધાયા હતા જેમાંથી ૭૩૪૮૯૮ ઉપસ્થિત થયા હતા. આ પૈકી ૪૭૪૮૯૩ વિદ્યાર્થી પાસ થયા છે. ૧૫૮૬૨૩ રીપીટરમાંથી ૨૭૪૪૬ પાસ થતા રીપીટર્સનું પરિણામ માત્ર ૧૭.૩૦ ટકા આવ્યું છે. આ ઉપરાંત ખાનગી ૧૪૬૩૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૯૧૫ પાસ થયા છે.



તપાસ ફી: ₹600/-
તારીખ ૨૭ મે 2023, શનિવાર
હેડ એન્ડ નેક કેન્સર સર્જન
એપોઈન્ટમેન્ટ માટે :
99797 93959 / 95120 15843
WOCKHARDT HOSPITALS

## નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિનાં હસ્તે કરાવવા સુપ્રિમ કોર્ટમાં પીઆઈએલ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫ નવાસંસદ ભવનનાં ઉદ્‌ઘાટનના મામલે સરકાર અને વિપક્ષો વચ્ચે તલવારો ખેંચાઈ ગઈ છે તેમજ ૧૯ વિપક્ષોએ સંસદ ભવનનાં ઉદ્‌ઘાટન સમારોહનાં બહિષ્કારનો એલાન કર્યુ છે. વિપક્ષોએ એવું જણાવ્યું છે કે, દેશનાં રાષ્ટ્રપતિ સંસદનાં બંધારણીય વડા છે અને દેશનાં પ્રથમ નાગરીક છે ત્યારે રાષ્ટ્રપતિનાં હસ્તે જ સંસદ ભવનનું ઉદ્‌ઘાટન થવું જોઈએ. જયારે બીજી તરફ લોકસભાનાં સ્પીકર ઓમ બિરલાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હસ્તે નવા સંસદ ભવનનાં ઉદઘાટનની જાહેરાત સાથે તેના સત્તાવાર આમંત્રણ કાર્ડ જારી કરી દીધા છે. નવા સંસદ ભવનનાં ઉદ્‌ઘાટનનાં મામલે સરકાર અને વિપક્ષ સ્પષ્ટપણે વિરોધાભાષી નિર્ણયોમાં વિભાજીત થઈ ગયા છે ત્યારે આ સંજોગોમાં એક નાગરીકે સુપ્રિમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરીને રાષ્ટ્રપતિનાં હસ્તે ઉદઘાટન કરાવવાની માંગણી કરી છે. અરજદારનાં જણાવ્યા પ્રમાણે સંસદ ભવનનું લોકાર્પણ રાષ્ટ્રપતિનાં હસ્તે ન કરાવવું ખોટું છે. આમ નવા સંસદ ભવનનાં લોકાર્પણનો મુદો હવે સુપ્રિમ કોર્ટમાં પહોંચી ગયો છે.

દેશના નવા સંસદભવનનું રવિવારે લોકાર્પણ થનાર છે આ સંસદ ભવન હાલના ભવન કરતા અનેક રીતે જુદુ હશે. ખાસ કરીને હવે સંસદના નવા ભવનમાં ધમાલ-ધાંધલ મચાવનાર કાર્યવાહીના 'લાઈવ-પ્રસારણ'માં જોઈ શકાશે નહી. સંસદભવનમાં કોઈ પ્લેકાર્ડ દર્શાવનાર કે પછી કાગળો ફાડીને અધ્યક્ષ તરફ ફેકનાર પણ આપોઆપ સેન્સર થઈ જાય તે રીતે ટેલીકાસ્ટીંગ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે અને બન્ને ગૃહોમાં અધ્યક્ષનું સ્થાન હાલના ભવનની સરખામણીમાં વધુ ઉંચે મુકાયું છે

## રૂા. ૨૫ હજાર કરોડનું જીએસટી કૌભાંડ : પ્રારંભિક તપાસમાં જ ૧૦ હજાર બોગસ પેઢી ઝડપાઈ

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી,તા.૨૫ જીએસટી કૌભાંડો રોકવા માટે બોગસ રજીસ્ટ્રેશન નંબરો ધરાવતી પેઢીઓ પકડવા હાથ ધરાયેલા દેશવ્યાપી-અભિયાનનાં પ્રથમ જ સપ્તાહમાં ૧૦૦૦૦ બનાવટી પેઢીઓનો પર્દાફાશ થઈ ગયો છે અને તેના રજીસ્ટ્રેશન નંબરો રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

ઈન્ડાયરેકટ ટેકસ બોર્ડ દ્વારા બોગસ રજીસ્ટ્રેશન નંબર-પેઢીઓના ફીઝીકલ, વેરીફીકેશન માટે ગત તા.૧૬મે થી દેશવ્યાપી અભિયાન છેડવામાં આવ્યું છે. શંકાસ્પદ નંબરોનું લીસ્ટ તૈયાર કરીને ડોર-ટુ-ડોર વેરીફીકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનના પ્રથમ સપ્તાહમાં જ ૧૦૦૦૦ બોગસ રજીસ્ટ્રેશન પકડાયા હોવાનું બોર્ડના એક સીનીયર અધિકારીએ કહ્યું હતું. સૂત્રોના કહેવા પ્રમાણે બનાવટી જીએસટી રજીસ્ટ્રેશન મેળવવા માટે કૌભાંડકારો દ્વારા બોગસ વિજબીલો પ્રોપર્ટી ટેકસની બનાવટી રસી તથા ખોટા ભાડા કરારનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાના ખુલાસા થયા છે.

અત્યાર સુધીમાં ૧૦૦૦૦ જીએસટી રજીસ્ટ્રેશન નંબરના આધારે બોગસ પેઢીઓ હોવાનો પર્દાફાશ થયો છે તેના આધારે કેટલી રકમની ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવવામાં આવી હતી અને કેટલી રકમનું કૌભાંડ આચરવામાં આવ્યુ છે તેને આંકડાકીય રીપોર્ટ કાઢવાનો બાકી છે છતાં પ્રાથમીક અંદાજમાં આ આંકડો રૂા.૨૫૦૦૦ કરોડ કે તેથી વધુનો હોઈ શકે છે. જો કે સમગ્ર તપાસ પૂર્ણ થયા બાદ જ કૌભાંડનો વાસ્તવિક આંકડો બહાર આવી શકશે.

MADHURAM SCHOOL
મધુરમ સ્કુલ
એડિમશન ઓપન...



જ્ઞાન બનશે ત્રીજે નેત્ર
દીપી ઉઠશે
જીવનનું દરેક ક્ષેત્ર
Know More
97145 63268
70163 47112
જુલાવવાડા, જૂનાગઢ.

**દુકાન વેચવાની છે**

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ


કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪


બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**MODI SCHOOL**

Nursery to Std. 12th
CBSE & GSEB
(Guj. + Eng. Med.)

બોર્ડ - JEE - NEETના પરિણામમાં મોદી સ્કૂલની સર્વશ્રેષ્ઠતા બરકરાર

GSEB 12th Science 2023 BOARD 1st 99.99 PR ▶ 6 વિદ્યાર્થીઓ



| CREZAL DHOLARIA | BADAL TANNA | FRINAD KANDORAIA | CHARMY SOMAIYA | પરમ સવજાણી | દેવ કોટડીયા |
|---|---|---|---|---|---|
| 99.99 Gujcet PR | 99.99 All+Th. PR | 99.99 All+Th.+Sci.PR | 99.99 All+Gujcet PR | 99.99 Gujcet PR | 99.99 Gujcet PR |
| CBSE B-Group | B-Group | A-Group | B-Group | A-Group | B-Group |

GSEB 10th Year 2023 BOARD 1st 99.99 PR ▶ 2 વિદ્યાર્થીઓ

BOARD TOP TEN ▶ 14 વિદ્યાર્થીઓ
A1 Grade ▶ 110 વિદ્યાર્થીઓ



સાવલીયા એશા 99.99 PR

BOARD 1st



વડાલીયા સ્મૃતિ 99.99 PR

JEE Main 2023 99+PR ▶ 43 વિદ્યાર્થીઓ



| Pulakit Gajipara | Nandeesh Khant | પરમ ચૌહાણ | Dev Kanani | Parth Aghara | Harsh Chavda | Vyom Thacker |
|---|---|---|---|---|---|---|
| 99.69 PR | 99.74 PR | 99.81 PR | 99.96 PR | 99.87 PR | 99.77 PR | 99.69 PR |

NEET 2022



યશ સાધરીયા 696 Marks ગુજરાતી માધ્યમ ગુજરાત 1st AIR 106 AIR 4

CBSE Std. 10th 2023 — 1st



Yashvi Vachhani 96.40 %

CBSE 12th Comm. & Arts 2023 — GUJARAT 1st



Ashmi Guha 98.60 %

CBSE Std. 12th Science 2023 — 1st



Maitri Falia 95.60 %

NEET 2023 Expected
650+ ⇒ 20+
600+ ⇒ 60+

Medical Admissions
B-Group 2022 MBBS ⇒ 188
B-Group 2023 Expected MBBS ⇒ 215+

IIT Admissions
A-Group 2022 Selection in IIT ⇒ 42
A-Group 2023 Expected Selection in IIT ⇒ 60+

We break our own records....

| CBSE BOARD | Std. 10 | | Std. 12 Comm. & Arts | | Std. 12 Science | |
|---|---|---|---|---|---|---|
| Year → | 2022 | 2023 | 2022 | 2023 | 2022 | 2023 |
| 90% up | 18 | 21 | 8 | 11 | 22 | 37 |
| 80% up | 55 | 57 | 24 | 32 | 73 | 112 |

ADMISSIONS OPEN for Std. 11th Science | Commerce | Arts (GSEB + CBSE)

રાજકોટ સીટી બ્રાન્ચ(કોમર્સ) 70690 05243
રાજકોટ સીટી બ્રાન્ચ(સાયન્સ) 70690 05242
ઈશ્વરીયા બોર્ડીંગ બ્રાન્ચ 70690 05288
બોયઝ તથા ગર્લ્સ માટે અદ્યતન હોસ્ટેલ સુવિધા
જામનગર બ્રાન્ચ 70697 80808

C M Y K

# શિક્ષણ જગતમાં બોર્ડના પરિણામોમાં ઉચ્ચ શિખર સર કરતી મોદી સ્કૂલ્સ

## ધોરણ–૧૨ સાયન્સ, ધોરણ–૧૨ કોમસ તથા આજના ધોરણ–૧૦ એમ ત્રણેય ધોરણના પરિણામમાં ઝળહળતુ સ્થાન પ્રાપ્ત કરતી મોદી સ્કૂલ

## સમગ્ર બોર્ડ ટોપ–ટેનમાં 14વિદ્યાથી ઓ મોદી સ્કૂલનાં A1 ગ્રેડમાં 108 વિદ્યાર્થીઓ મોદી સ્કૂલનાં





મોદી સ્કૂલનું વિઝન"ઉત્કૃષ્ટ શિક્ષણ દ્વારા રાષ્ટ્રનું નિર્માણ" આ સૂત્ર સાથે મોદી સ્કૂલની શુભ શરૂઆત થયેલ સૌ પ્રથમ સાયન્સ ક્ષેત્રમાં હરણફાળ ભરી અને ત્યારબાદવાલીશ્રી તથા વિદ્યાથી ઓનીવિનંતીને ધ્યાનમાં રાખીનેસ્કૂલમાં કોમસ અને આર્ટસની પણ શરૂઆત કરેલ. સાયન્સના ક્ષેત્રમાં MBBSની ફ્રીસીટ, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ, PDPU કે IIT કે NIT ની એડમીશનની વાત હોઈ ત્યારે વાલીશ્રીની સમગ્ર ગુજરાતમાં મોદી સ્કૂલ પર પસંદગી ઉતરતી હોય છે. તેમ કોમસ અને આર્ટ્સમાં પણ CA, CS, MBA, MCA અથવા UPSC, GPSC, બેન્કીંગ જેવી સ્પધા ત્મક પરીક્ષાની વાત હોઈ અથવા ઈન્ટીગ્રેટેડ MBA માટે IPMAT તથા એકાઉન્ટીંગ માટે TALLY, CLAT - Law માટે કોર્ષની વાત હોય ત્યારે વાલીશ્રીઓ મોદી કોમસ / આર્ટ્સ સ્કૂલની પસંદગી કરતા હોય છે.

મોદી સ્કૂલનાં સ્થાપક ડૉ.આર.પી.મોદીસાહેબ સખત પરિશ્રમમાં જ માને છે. શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવા માટે તેઓ સતત પ્રયત્નશીલ હોય છે. જેના ફળ સ્વરૂપે મોદી સ્કૂલના તમામ શિક્ષકો, અધ્યાપકો અને પ્રિન્સીપાલશ્રીઓ પણ આ જ પથને અનુસરે છે. એટલે જ આ સ્કૂલના વિદ્યાર્થીઓના પરિણામ અવ્વલ જ આવે છે. મોદીસરની વિચારધારા મુજબ આ સ્કૂલમાં ધો.11, 12નાં બધા વિષયો, ચેપ્ટર અને ટોપીક તલસ્પશી રીતે અભ્યાસ કરાવાય છે. એકપણ ચેપ્ટર કે ટોપીકને છોડવામાં આવતો નથી. જેથી વિદ્યાથી ઓ ધો.12 પછીની બધી પરીક્ષાઓ તથા કોષ માં ખૂબ જ સરળતાથી સફળતા મેળવે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ મોદી સ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ–૧૨ સાયન્સ, કોમસ , આર્ટસ તથા ધોરણ–૧૦ માં સતત સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખી છે. આ સાથે ઊંચાઈની તમામ ગિરિમાળાઓ પણ આ શાળાના વિદ્યાર્થીઓએ સર કરેલ છે. બોર્ડના પરિણામોમાં મુખ્ય ગણાતા પરિણામો એટલે કે ધોરણ–૧૨ સાયન્સ, કોમસ , આર્ટસ તથા ધોરણ– ૧૦ ના પરિણામોમાં સતત સવો ચ્ચ સ્થાને રહેનાર મોદી સ્કૂલ્સે આ પરંપરા આ વષે પણ જાળવી રાખેલ છે. આ સાથે ઉંચાઈની તમામ ગિરિમાળાઓ પણ આ શાળાના વિદ્યાર્થીઓએસર કરી.

માર્ચ –2023 નાં ધો. ૧૨ સાયન્સનાં રિઝલ્ટમાં GUJCET & BOARD TOP TEN માં 18વિદ્યાથી ઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમાં 2023 ના એક જ વષ માં છ વિદ્યાર્થીઓએ 99.99 PR મેળવેલ છે, તેમાં ફ્રિનાદ કન્ડોરિયા, બાદલ તન્ના, ચામી સોમૈયા, પરમ સવજાણી, ક્રેજલ ઢોલરિયા અને દેવ કોટડિયા એ 99.99 PR મેળવેલ છે. આ ઉપરાંત કુલ 18 વિદ્યાર્થી બોર્ડ ટોપટેન માં સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત એન્જીનીયરીંગ તથા ફામ સીમાં એડમીશન માટે મહત્વની એવી GUJCET ની પરીક્ષામાં 99 PR+ધરાવતા 80વિદ્યાથી ઓ છે. વષ 2023 માં દેશની કઠિન ગણાતી એવી JEE ની પરીક્ષામાં પણ મોદી સ્કૂલના વિદ્યાથી ઓ અગ્રેસર રહી છે. મોદી સ્કૂલના 43 વિદ્યાર્થીઓ 99+ PR મેળવ્યા જે સૌરાષ્ટ્રની કોઈપણ સ્કૂલ અથવા કોચીંગ કરતા વધુ છે. આ ઉપરાંત 77વિદ્યાથી ઓએ 98+ PR મેળવેલ તથા 240 વિદ્યાર્થીઓએ 90+ PR મેળવેલ છે. હાલમાં જ મેડીકલ પ્રવેશ માટે લેવાતી NEET-2023 માં પણ મોદી સ્કૂલે પોતાના રેકર્ડ બ્રેક કરે તે પ્રકારના પરીણામ અપેક્ષિત છે. જેમાં મોદી સ્કૂલના 20વિદ્યાથી ઓ650+ તથા 60વિદ્યાથી ઓ600+ અપેક્ષિત છે. ગત વષ ે પણ મોદી સ્કૂલના માધ્યમથી 188 વિદ્યાથી ઓMBBS પ્રવેશને પાત્ર બન્યા હતા. ગત વષે IIT માં 13વિદ્યાથી ઓ સાથે સમગ્ર ભારતદેશની આંતરરાષ્ટ્રીય ખ્યાત નામ કોલેજો જેવી કે IIT, NIT, IIIT, DAIICT, NIRMA, BITS માં 167 વિદ્યાથી ઓએ પોતાના B.Tech. / B.E માં એડમીશન પ્રાપ્ત કરેલ છે.

માર્ચ –2022 નાં ધો. 12 કોમ સના રિઝલ્ટમાં બોર્ડ ટોપ ટેનમાં 5વિદ્યાથી ઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં દેસાઈ ભાગ વએ 676/700 ગુણ સાથે GUJARAT HIGHEST તેમજ 99.99 PRસાથે બોર્ડ–1stઅને દત્તાણી ધવલએ પણ 99.99 PR સાથે બોર્ડ–1st,99.97 PR સાથે બોર્ડ–3rd ભેંસદડીયા ચિરાગ, 99.95 PR સાથે બોર્ડ–5thલાંબરીયા ધ્રુવી, 99.94 PR સાથે બોર્ડ–6thખાંણધરીયા રીંકીત એ સ્થાન મેળવેલ છે. તે જ રીતે વિષય પ્રથમ100 માં 100 માર્કસ 11 વિદ્યાર્થીઓએ મેળવેલ છે. તેમાં એકાઉન્ટ વિષયમાં લાંબરીયા ધ્રુવી, વાણિજય વ્યવસ્થા વિષયમાં દત્તાણી ધવલ અને સભાયા યાજ્ઞિક, SPCCવિષયમાં પિપળીયા અર્પિતા તથા દેસાઈ ભાર્ગવ, આંકડાશાસ્ત્રવિષયમાં સરસવડિયા શ્રીયા, ભાલોડિયા તિનાલી, દત્તાણી ધવલ, ખાંણધરીયા રીંકીત, નખવા સાહિલ તથા દવે પૂજા એ 100 માંથી 100 માર્કસ મેળવેલ છે. A1ગ્રેડમાં 25વિદ્યાથી ઓએ સ્થાન મેળવેલ છે.

આજ રોજ જાહેર થયેલ માર્ચ –2023 ની ધો. 10બોર્ડ પરીક્ષાનાં પરિણામમાં 99.99 PR સાથે 2-2વિદ્યાથી ઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાંના સાવલીયા એશા તથા વડાલીયા યુતી એ બોર્ડ–1st સ્થાન પ્રાપ્ત કરેલ છે. બોર્ડ ટોપ ટેનમાં 99.90 PR થી 99.99 PRવચ્ચે 14 વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરેલ છે. બોર્ડમાં A1 ગ્રેડ સાથે 108 વિદ્યાર્થીઓએ પોતાનું સ્થાન મેળવી શાળા પરિવાર તથા પોતાના માતા–પિતાનું નામ રોશન કરેલ છે.

# શ્રેષ્ઠતા, સફળતા કઈ રીતે પ્રાપ્ત કરી શકાય ?

હમણાં યુપીએસસીનાં પરિણામો બહાર પડ્યાં તેમાં આખા દેશમાંથી૯૩૩ યુવક-યુવતીઓ ઉત્તીર્ણથયાં.તેમાં આખા દેશમાં પ્રથમ આવેલી યુવતીએ કહ્યું છે કે, હું મારા લક્ષ્ય ઉપર જ નજર રાખતી હતી ને સોશિયલ મીડિયા કે અન્ય બાબતોમાં સમય બગાડતી નહોતી. આખા દેશની આ સૌથી મહત્ત્વની ને પ્રતિષ્ઠિત પરીક્ષા છે, જેમાં ઉત્તીર્ણ થનારા ૯૩૩ ઉમેદવારો પૈકીના બધા જ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરીને દેશની વહીવટી સેવાઓમાં સક્રિય થશે. એમણે શ્રેષ્ઠતા કઈ રીતે પ્રાપ્ત કરી હશે! દરેક માણસને બે કાન, બે આંખો, બે હાથ, બે પગ વગેરે હોય છે એમ એમને પણ એવું જ છે, તોય એ ઉમેદવારોએ આખા દેશમાં નામ કમાઈ લીધું. કારણ એટલું જ કે એમણે એમનું લક્ષ્ય નક્કી કર્યું અને એમાં એ મંડી પડ્યા. આ ઉદાહરણ માત્ર સમજવા માટે આપ્યું છે, એનો અર્થ એવો નથી કે માત્ર ઉમેદવારોને કે વિદ્યાર્થીઓને જ આ લાગુ પડે છે. આ વાત સૌને લાગુ પડે છે, પછી તે વિદ્યાર્થી હોય કે વ્યવસાયી. લક્ષ્યની પાછળની દોડમાં કશું ખોટું નથી, પણ એ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે સતત પ્રયાસ કરવો એ જ આપણી તાતી જરૂરિયાત છે. હા, આ માર્ગમાં વિઘ્નો બહુ આવશે. કોઈ કહેશે, આ શું મંડી પડ્યો છે કે મંડી પડી છે... સવારથી લઈને બેસી જાય છે અથવા સવારથી નીકળી પડે છે...પણ આપણે કોઈનું કશું જ સાંભળવાનું નથી ! આપણે અન્ય લોકોના માપદંડોથી આપણું જીવન જીવવાનું નથી, કેમ કે, આપણી પાસે આપણો પોતાનો માપદંડ છે. કેટલીક વાર યોગ્ય ને લાયક માણસો એક મહત્ત્વની ભૂલ કરી બેસતા હોય છે -તેઓ એકસાથે અનેક લક્ષ્યોની પ્રાપ્તિ માટેનો થનગનાટ અનુભવતા હોય છે. આ કારણે માણસની સફળતા દૂરને દૂર ઠેલાતી જાય છે. સફળતા માટેનું સૌથી પહેલું પગલું છે લક્ષ્ય ઉપર નજર સ્થિર કરી રાખવી. એક છોડીને બીજા લક્ષ્ય ઉપર ભટકતા રહેવાથી તે પ્રાપ્ત થતું નથી, પણ થાકી જવાય છે. બધી જગ્યાએ હાથ-પગ પછાડવા કરતાં કોઈ એક જ લક્ષ્ય મનમાં નિશ્ચિત કરી રાખવું જોઈએ. મનની શાંતિ બીજા ક્રમની મહત્ત્વની બાબત છે. જેનું મન શાંત હશે તે બધું જ કરી શકશે. તમારી મંજૂરી વિના કોઈ પણ પ્રકારના બાહ્ય ઊહાપોહ કે અવાજ તમારા મનમાં પેસીને તમારી શાંતિને ખલેલ પહોંચાડી શકવાના નથી. તમારે તમારૂ નિશ્ચિત લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ ઊર્જા લગાવવાની છે.

ઘણા લોકો એક કામ છોડીને બીજું પકડે છે. આ પણ સારી રીત નથી. એક કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ જ બીજું કામ હાથ ઉપર લેવું જોઈએ. થોડું થોડું બધી થાળીમાંથી ચાખવાથી પેટ ભરાવાનું નથી. ભરપેટ જમવા માટે સારી ભૂખ અને એની સાથોસાથ સારી અભિરૂચિ પણ જોઈએ. આપણે કોઈ કામમાં જતા હોઈએ અને મોબાઈલમાં મિત્રનો મેસેજ આવે ને આપણને પાર્ટી માટે બોલાવે તો આપણે શું કરવું? શું આપણે આપણો વ્યવસાય કે નોકરી છોડીને એની પાર્ટીમાં જવું જોઈએ ? ના, બિલકુલ નહીં. મિત્ર મિત્રની જગ્યાએ છે, પણ મારા માટે મારી નોકરી કે મારો વ્યવસાય વધારે અગત્યનો છે. જો હું દુકાન ચલાવતો હોઉં તો ગ્રાહકોની સેવા મારી રાહ જુએ છે. જો હું તબીબ હોઉં તો દર્દીઓ મારી પ્રતીક્ષા કરી રહ્યા છે. જો હું વિદ્યાર્થી હોઉં તો મારે મારાં માતા-પિતાના વિશ્વાસને જિતાડવા માટે સારો અભ્યાસ કરવાનો છે. ઘણા લોકોને ટેવ હોય છે કે વારંવાર ફોન જોયા કરવો. આ ટેવ આપણને આપણા લક્ષ્યથી દૂર લઈ જઈને ભટકાવી દેવા માટે પૂરતી છે. આપણે ત્યાં શબ્દ છે શતાવધાન. એનો અર્થ ઘણો વિસ્તૃત છે, પણ આપણે ટૂંકમાં સમજીએ તો એકસાથે સો અથવા એકથી વધારે બાબતો ઉપર ધ્યાન આપી શકે તેને શતાવધાન કહેવાય.

આપણી સંસ્કૃતિમાં બધું સંભાળી લેવાની કળાનો પણ ઘણો મહિમા છે. કોઈના મહેલને જોઈને આપણાથી આપણું ઝૂંપડું તોડી ન નંખાય. એ ન્યાયે જોઈએ તો ગાડી-બંગલા અને ખુશહાલ પરિવાર વગેરે બધું બીજાનું જોઈને આપણે મહેનત કરવાનું બંધ કરી દઈએ અને કર્મને દોષ આપીએ તો આપણે પાછળ રહી જઈએ. જેની પાસે એ બધું છે એણે ચોક્કસ મહેનત કરી હશે. પેલી હોનહાર દીકરીઓ યુપીએસસીમાં આખા દેશમાં ચમકી, છોકરાઓ પણ ચમક્યા, પણ એમણે કરેલી મહેનતના કારણે એ ચમકી શક્યા. વાસ્તવમાં તમને મહેનત વિના કશું મળે તો તેની ઝાઝી કિંમત નથી થવાની. એવું જીવન કે જેમાં તમને પાણી માગતાં દૂધ મળે એવા જીવનમાં તમને કશી મજા નહીં આવે. થોડા દિવસો માટે સારૂ લાગશે, પણ પછી કંટાળી જશો. તમે કહેશો કે, મારે તો સખત મહેનત કરીને જ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી છે. મારે મહેનત કરવી છે. દુકાને કે નોકરીએ કે ઓફિસે સમયસર પહોંચવું છે, ખૂબ અભ્યાસ કરવો છે, સમય બગાડવો નથી - આવા વિચારો તમને આગળ લઈ જશે. પણ લક્ષ્યથી કદી ભટકી ન જવું. ક્યારેક માણસની આગળ વિવિધ પ્રકારનાં પ્રલોભનો આવી જાય છે અને તેને લાલચ જાગે છે કે, આમ કરૂ તો વહેલી સફળતા મળી જાય, આ શોર્ટકટ લઉં તો વહેલો પહોંચી જાઉં ને મહેનત ઓછી થાય. પણ એ ભ્રમણા હોય છે.

મુશ્કેલીમાંથી નીકળવાનો કોઈ શોર્ટકટ નથી, એવું સુનીલ દત્તે એક વાર મુંબઈમાં એક ઇન્ટર્વ્યૂમાં કહ્યું હતું. જે પોતાના નિશ્ચિત લક્ષ્યથી ભટકી જાય છે તે મંઝિલે પહોંચતો નથી. ત્રીજો મહત્ત્વનો મુદ્દો સ્પષ્ટતા પણ છે. જીવનનો મહત્ત્વનો સમય બિનજરૂરી કાર્યોમાં વેડફી દેવા કરતાં એક લક્ષ્ય નક્કી કરીને તેમાં જીવન વિતાવવું સારું. ઘણા લોકો પોતાની જવાબદારીઓ કરતાં બીજાની વધારે લઈને ફરતા હોય છે. પછી એ જવાબદારીઓનું વહન કરવામાં રાત-દિ એક કરતા હોય છે. પરિણામ એ આવે કે અડધી રાત્રે ઊંઘ ઊડી જાય ને અધૂરાં કામો પૂરાં કરવામાં પરેશાની થયા કરે. ન પેલું કામ થાય, ન આ કામ થાય ! આનો એક સરળ રસ્તો છે બધાં કામોની યાદી બનાવીને અગ્રતાક્રમ નક્કી કરવો અને એમાં જે સૌથી પ્રથમ કામ આવે તેને પહેલું હાથમાં લેવું. આવી ટેવ પડશે એટલે તમામ બિનજરૂરી કામો તમારા મનમાંથી બાજુએ હટતાં જશે અને એક જ કાર્ય પર તમારી ઊર્જા રોકાવાની શરૂ થશે. જીવનમાં ભટકાવનારાં વિઘ્નો ઘણાં જોવા મળશે, પરંતુ જેની નજર માત્ર પોતાના લક્ષ્ય પર છે તેને કુદરત પણ સહાય કરે છે ને તે સફળ જ થાય છે. ગુજરાતી શાયર 'શૂન્ય' પાલનપુરીના શેર સાથે વાતને પૂર્ણ કરીએ જીવનમાં આમ જોકે, પ્રલોભન અનેક છે, જળમાં કમળની જેમ વિકસવાની ટેક છે !

- કવિ પ્રકાશ 'જલાલ' અનુવાદક, કવિ, પત્રકાર
મો.૯૮૭૯૧૯૭૬૮૬

# ફક્ત એક રૂપિયામાં લગ્ન : દ્વારકાના જલારામ મંદિરે વિરબાઈમાં આદર્શ લગ્નોત્સવ ઉજવાયો





(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૫

આજના મોંઘવારીના સમયમાં મધ્યમ વર્ગના લોકોને જીવનનિર્વાહ ખુબ જ કઠીન છે. એમાં પણ જો ઘરમાં સંતાનને પરણાવવા હોય તો માં-બાપની ચિંતાનો પાર નથી રહેતો. આ બાબતને ધ્યાનમાં રાખીને દ્વારકાના રઘુવંશી આગેવાનોએ એક પ્રેરણાત્મક અભિગમ અપનાવ્યો છે. દ્વારકાના જલારામ મંદિરમાં માતુશ્રી વિરબાઈમાં આદર્શ લગ્નોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ લગ્ન ફક્ત એક રૂપીયામાંકરાવી આપવામાંઆવે છે. જેમાંસમાજના અલગ અલગ યજમાનોદ્વારા સમાજના આર્થિક નબળી સ્થિતિ વાળા લોકોની દિકરીઓના લગ્ન ફક્ત એક રૂપીયામાંકરાવી આપવામાંઆવે છે. ગઈકાલે બુધવારે રાજકોટના યજમાન હિરાબેન અમૃતલાલ દ્વારા ખંભાળિયાના ફોરમબેન અમૃતલાલ જટણીયાના લગ્ન ઓખાના રાજેશ મથુરદાસ સીમરીયા સાથે કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત જામનગર નિવાસી સપનાબેન જયંતીલાલ પોપટના લગ્ન ભાણવડના રાજ મુકેશભાઈ ખંધેડીયા સાથે કરવામાં આવ્યા હતા. આ લગ્નમાં રઘુવંશી સોશ્યલ ગૃપ દ્વારા કન્યાને શણગારનો સામાન, ઘર વખરી, વરરાજાને કપડા, ઘડીયાળ એમ મળીને કુલ ૧૯ ચીજવસ્તુઓની ભેટ આપવામાં આવી હતી. ફક્ત એક રૂપિયામાં આદર્શ લગ્નોત્સવ માટે ટ્રસ્ટી મંડળના અશ્વિનભાઈ ગોકાણી, નટુભાઈ રૂપારેલીયા, કે.જી. હિંડોચા તેમજ જલારામ મહિલા મંડળના બહેનો સહિતના આગેવાનો, કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ સેવાકીય પ્રવૃતિ થકી અત્યાર સુધીમાં કુલ ૩૧૬ કન્યાઓના લગ્ન કરાવી આપવામાં આવ્યા છે. આ પ્રકારના સેવા કાર્યની દરેક સમાજે નોંધ લેવી જોઈએ તેમ પ્રબુદ્ધ લોકો માની રહ્યા છે.

# હર્ષદના દરિયાકિનારે વિશાળકાય કાચબાનો મૃતદેહ મળી આવ્યો



(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના હર્ષદ બંદરના દરિયાકાંઠેથી તાજેતરમાં એક વિશાળકાય કાચબાનો મૃતદેહ તણાઈ આવતાં ગ્રામજનોએ આ અંગે વન વિભાગને જાણ કરી હતી.

તંત્રએ કાચબો કેવી રીતે મૃત્યુ પામ્યો તે અંગે તપાસ હાથ ધરી છે. વિશાળકાય કાચબાને નિહાળવા કુતૂહલવસ મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્ર થયા હતા.

## ગંગાએ રચ્યો ઇતિહાસ

# ગાય માતાની વિવિધ જાત મેળવવામાં ભારત બની શકે ગેમ ચેન્જર

### ભેંસ માટે કતલખાના સાથે સંપર્ક કરી શકીએ છીએ અને ઓઓસીટ પ્રાપ્ત કરી શકીએ છીએ, પરંતુ ગાય માટે આ પ્રકારે ન કરી શકાય

નવી દિલ્હી, તા.૨૫

વિશ્વમાં જે પણ જીવ જન્મ લે છે, તે વિશેષ જ હોય છે. આ વર્ષે ૧૬ માર્ચના રોજ જન્મેલ વાછરડી 'ગંગા' નો જન્મ ખૂબ જ ખાસ છે. 'ગંગા' ભારતમાં ગાયની પહેલી ક્લોન છે. હરિયાણાના કરનાલમાં 'ગંગા'નો જન્મ થયો છે, જે માટે રાષ્ટ્રીય ડેરી અનુસંધાન સંસ્થાનના વૈજ્ઞાનિકોએ કર્યો છે. વૈજ્ઞાનિકોને આશા છે કે, ક્લોનિંગથી દેશી ગાયના પ્રજનનને પ્રોત્સાહન મળશે. ક્રોસ બ્રીડિંગ, ઉચ્ચ ઉપજવાળી નસ્લ અને નિકાસ અપનાવવાને કારણે આ સંખ્યા ઓછી થઈ ગઈ હતી. 'ગંગા' ગીર ગાયની પ્રજાતિ છે, જે દેશની ગરમ અને આર્દ્ર જળવાયુને અનુકૂળ છે. ક્લોનિંગ ટેકનિકથી દેશમાં વધુ દૂધ આપનાર પશુઓની જરૂરિયાત પૂર્ણ કરી શકાય છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના મહાનિદેશક ડૉ. હિમાંશુ પાઠકે જણાવ્યું છે કે, જન્મ સમયે 'ગંગા'નું વજન ૩૨ કિલો હતું. તે શારીરિક, આનુવંશિક અને અન્ય પરીક્ષણમાં સફળ રહી છે. પરંતુ આ સ્તર સુધી પહોંચવામાં વૈજ્ઞાનિકોને અનેક વર્ષોનો સમય લાગ્યો છે. ફેબ્રુઆરી ૨૦૦૯માં ICAR અને NDRIએ દુનિયાના પ્રથમ ક્લોન ભેંસના બચ્ચાં સમરૂપાને લઈને ઇતિહાસ રચ્યો હતો, પરંતુ ફેફસાંમાં સંક્રમણને કારણે ૫ દિવસ બાદ આ બચ્ચાનું મોત થયું હતું. જે બાદ ભારતે અન્ય ૨૬ જાનવરોના ક્લોન તૈયાર કર્યા, જેમાં ગાયના ક્લોનિંગમાં સૌથી વધુ સમય લાગ્યો છે. ગાય પ્રત્યે ધાર્મિક સંવેદનશીલતા હોવાને કારણે તેમાં વધુ સમય લાગ્યો હતો. NDRIના પૂર્વ ડાયરેક્ટર ડૉ.એમએસ ચૌહાણે જણાવ્યું કે, ભેંસ માટે કતલખાના સાથે સંપર્ક કરી શકીએ છીએ અને ઓઓસીટ પ્રાપ્ત કરી શકીએ છીએ, પરંતુ ગાય માટે આ પ્રકારે ન કરી શકાય. વર્ષ ૨૦૧૮માં વૈજ્ઞાનિકોએ ઓવમ પિક-અપ (ઓપીયૂ) નામના બિન-ઈનવેસિવ ટેકનિક વિશે જાણકારી મળી હતી. જેના ઉપયોગથી ગાયને કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથી અને ઓસાઈટ્સ અલગ કાર્ય વિના પ્રક્રિયા કરી શકાય છે. ચૌહાણે જણાવ્યું કે, જેમ ગાયનું રજિસ્ટ્રેશન કરવામાં આવે તો ગાયના કાન પર મુક્કો મારીને ચેક કરીએ છીએ, તે જ રીતે આ ટેકનિકનો ઉપયોગ કરીને કોશિકાઓ કાઢવામાં આવે છે. NDRIના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. નરેશ સેલોકર જણાવે છે કે, જાનવરને કોઈ નુકશાન થતું નથી. થોડા સમય સુધી આ ટેકનિક પર અભ્યાસ કરવામાં આવ્યો અને આ ટેકનિકનો ઉપયોગ કર્યા પહેલાં મંજૂરી માટે અરજી કરવામાં આવી. જે બાદ વર્ષ ૨૦૨૧માં 'ગંગા' ક્લોન કરવાનો પ્રોજેક્ટ લોન્ચ કર્યો. ક્લોનિંગ માટે વૈજ્ઞાનિક ઓસાઈટના ડીએનએની સંરચના બદલે છે અને ત્યાર પછી ભ્રૂણમાં પરિપક્વ કરે છે. જેનાથી નિર્ધારિત થાય છે કે, જાનવરમાં કયા ગુણ હશે. અમારો ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે, આ વાછરડા કઠિન જળવાયુ પરિસ્થિતિનો સામનો કરવા માટે પણ સક્ષમ હોય અને વધુ દૂધ આપનાર હોય. NDRIએ દાવો કર્યો છે કે, ટેકનિકની વૃદ્ધિ કરવામાં આવશે અને વધુ વાછરડાના ક્લોન બનાવવામાં આવશે. ભારતમાં વ્યાવસાયિક ક્લોનિંગનો માર્ગ મોકળો કરવા માટે વૈજ્ઞાનિક નીતિગત રજૂઆત પણ કરવામાં આવશે. ગીર, સાહીવાલ અને રેડ સિંધી મુખ્યરૂપે સૌથી વધુ દૂધ આપતા જાનવર છે. હરિત ક્રાંતિ પછી કૃષિના વધતા મશીનીકરણે આ જાતને અસંવૈધાનિક બનાવી દીધા હતા. આ કારણોસર ખેડૂતોએ ઉચ્ચ દૂધ ઉત્પાદન માટે ક્રોસ બ્રીડિંગના પ્રયત્ન કર્યા, પરંતુ તેનાથી જાનવરોને અનેક પ્રકારની બિમારીઓ થાય છે.

# ગુજરાત ગેસ કંપનીએ ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતોમાં કર્યો ઘટાડો

અમદાવાદ, તા.૨૫

ગુજરાત ગેસ દ્વારા પોતાના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડો ૧ જૂનથી લાગુ પડશે. સૂત્રો અનુસાર કંપનીએ ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ઘટાડીને 38.43/SCM કરી દીધી છે.

હાલમાં ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો 40.62/ SCM છે. ૨૦૨૩માં ગુજરાત ગેસ દ્વારા આ પાંચમીવાર કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૨૩ની શરૂઆતમાં ગુજરાત ગેસના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો 47.93/SCM હતી. આ કિંમતો ઘટાડવાની સાથે એવું કહેવામાં આવ્યું છે કે LNG ની કિંમતોમાં આવેલા ઘટાડાને કારણે તેનો ફાયદો ગ્રાહકો સુધી પહોંચાડવામાં માટે ગેસની કિંમતો માટે ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા એપ્રિલમાં ગુજરાત ગેસ દ્વારા ઈન્ડસ્ટ્રિયલ સેગમેન્ટમાં ઉપયોગ થવાવાળા નેચરલ ગેસના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. કંપનીએ ૧ મેથી કિંમતોમાં ૫ રૂપિયાથી વધુનો ઘટાડો કર્યો હતો. આ પહેલા GPSC સમૂહની ગુજરાત ગેસ દ્વારા કોમર્શિયલ PNGની કિંમતોમાં ફેબ્રુઆરી મહિનામાં વધારો કર્યો હતો. ત્યારે પીએનજીની કિંમતો ૧.૫ રૂપિયા પ્રતિ SCM વધારીને ૪૯.૫ રૂપિયા કરવામાં આવી હતી. ગુજરાત ગેસ કંપનીએ તાજેતરમાં ૨૦૨૩ના ક્વાર્ટર ચારના પરિણામ જાહેર કર્યા હતા.

# ગુજરાત રાજયમાં ચાલતી બોગસ નર્સિંગ સંસ્થાઓથી સાવધાન રહેવા ચેતવણી



ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજયમાં કેટલાક શહેરોમાં બોગસ નર્સિંગ સંસ્થાઓ કાર્યરત હોવાની ચોંકવનારી વિગતો પ્રકાશમાં આવી છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી ટુક સમયમાં હાથ ધરવામાં આવનાર છે. આ દરમ્યાન ગુજરાત નર્સિંગ કાઉન્સીલ દ્વારા એક પરીપત્ર જારી કરી અને વાલીઓ વિદ્યાર્થીઓને જાણ કરતા જણાવેલ છે કે, તમામ વાલીઓ, વિદ્યાર્થીઓ અને તમામ જનતાને જાહેર હિત્માં જણાવવાનું કે, અત્રેની કચેરીને ધ્યાને આવેલ છે કે, ગુજરાત રાજયમાં અમુક ફેક/બોગસ નર્સિંગ સંસ્થાઓ કાર્યરત થયેલ છે. આવી બોગસ સંસ્થામાં પ્રવેશથી નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા થાય છે અને વિદ્યાર્થીઓનો સમય બરબાદ થાય છે અને આર્થિક રીતે પણ નુકસાન થાય છે. ગુજરાત નર્સિસ મીડવાઈવ્ઝ એન્ડ હેલ્થ વિઝિટર્સ એકટ ૧૯૬૮ની જોગવાઈઓ અનુસાર રાજયમાં નર્સ તરીકે કાર્ય કરવા ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેન હોવું જરૂરી છે. ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થામાંથી માન્ય કોર્ષ કરેલ વિદ્યાર્થીને જ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ પ્રદાન કરવામાં આવે છે. ગુજરા નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થાઓની યાદી ગુજરાત નર્સિંગ કાઉન્સિલની વેબસાઈટ www.gujaratnursingcouncil.ogr ઉપર ઉપલબ્ધ છે. નર્સિંગ કોર્ષમાં પ્રવેશ મેળવતા પહેલા સંસ્થા ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય છે કે, નહિં તેની ખરાઈ કર્યાબાદ જ પ્રવેશ લેવો. ગુજરાત રાજયમાં નર્સિંગના એડમિશનની પ્રક્રિયા ધ ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ અલાઈડ મેડિકલ એજયુકેશન કોર્ષીસ દ્વારા કરવામાં આવે છે જેની વેબસાઈટ www.medadmgujarat.org છે. આથી નર્સિંગ કોર્ષમાં એડમિશન મેળવવા માટે વેબસાઈટ નિયમિતપણે ચકાસતા રહેવું. તમારી આસપાસ કોઈ ફેક/બોગસ નર્સિંગ સંસ્થા ચાલતી હોય તેવું ધ્યાને આવે તો સંસ્થાના નામ, એડ્રેસ અને અન્ય ઉપલબ્ધ માહિતી સાથે અત્રેની કચેરીએ જાણ કરવા ગુજરાત નર્સિંગ કાઉન્સીલ રજીસ્ટ્રાર ડો.પ્રજ્ઞા ડાભી દ્વારા જણાવેલ છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ત્રિ-દિવસીય એન્યુઅલ ગ્રાઉન્ડનટ વર્કશોપ-૨૦૨૩ યોજાયો

## મગફળી ઉત્પાદન વધારવા માટે દેશભરના ૧૫૦થી વૈજ્ઞાનિકો દ્વારા વિચાર-વિમર્શ







જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ અને સૌરાષ્ટ્ર વિસ્તાર મગફળીના ધરખમ ઉત્પાદનમાટે દેશભરમાંજાણીતું છે. ત્યારે મગફળીના ઉત્પાદનને વધુ વેગ આપવા માટે અને નવા સંશોધનના માધ્યમથી ખેડૂતોની આવક વધારવા માટેના ત્રિ-દિવસીય એન્યુઅલ ગ્રાઉન્ડનટ વર્કશોપ-૨૦૨૩નો પ્રારંભ થયો છે. આ કાર્ય શાળામાં દેશભરના ૧૫૦થી વધુ વૈજ્ઞાનિકો ભાગ લઈ રહ્યા છે. જે મગફળીના પાકના જુદા-જુદા પરિબળોના સંદર્ભે વિચારનો આપ-લે કરશે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર અને રાષ્ટ્રીય કક્ષાના મગફળી સંશોધન નિર્દેશાલય લઈને સંયુક્ત ઉપક્રમે આયોજિત આ વર્કશોપમાં ઉદ્‌ઘાટન સત્રના અધ્યક્ષ તરીકે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના ડાયરેક્ટર જનરલ (ક્રોપ સાયન્સ) ડો. ટી. આર. શર્માએ જણાવ્યું કે, આઈસીએઆર, ડીજીઆર વગેરે સંસ્થાઓના સંશોધન અને ટેકનોલોજીના માધ્યમથી મગફળીમાં અફલાટોક્સિનના લેવલને ઘટાડવામાં સફળતા મળી છે. જેથી રૂ. ૪ હજાર કરોડથી વધુની મગફળીના નિકાસમાં વધારો થયો છે. ભારતમાં અદ્યતન શોધ-સંશોધનના કારણે મગફળીનુ ડબલઉત્પાદન કરવામાં સફળતા મળી છે. ભારતમાં ૧૯૭૦ પહેલાં મગફળીની પ્રતિ હેક્ટર ઉત્પાદકતા ૬ થી ૭ હજાર કિલો હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને ૧૮ હજાર કિલોગ્રામે પહોંચી છે. ઉપરાંત તેલીબીયા પોકોમાં ૨૫ થી ૩૦ ટકા યોગદાન મગફળીનું છે. જેથી ભારતના સંદર્ભમાં મહત્તમ તેલની ટકાવારી ધરાવતા મગફળીના પાકનો કોઈ વિકલ્પ નથી. મગફળીના ઉત્પાદનમાં બાધારૂપમાં પરીબળોમાં બિયારણની નીચી ગુણવત્તા, દર વર્ષે એક જ બિયારણનું વાવેતર, સીડ રિપ્લેશમેન્ટ રેશિયા વગેરે છે. તેમ જણાવતા તેમણે રોગ વ્યવસ્થાપન માટે જરૂરી દિશાસૂચક માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત જે રીતે મોસમ બદલાઈ રહ્યુ છે, જેથી કલાઈમેટને ધ્યાનમાં રાખીને મગફળીની નવી જાતોનું સંશોધન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટીયાએ જણાવ્યું કે, મગફળી સૌરાષ્ટ્ર –ગુજરાતનો ઓળખરૂપ પાક છે. રાજયમાં ૨૦ લાખ હેક્ટરમાં તેનુ ઉત્પાદન કરવામાં આવે છે. ત્યારે આ પાકના માધ્યમથી ખેડૂતોને આવકમાં વૃદ્ધિ થાય અને ઓછા ખર્ચે ખેડૂતોને શ્રેષ્ઠ ટેકનોલોજી મળી રહે તે માટે દિશામાં પણ ભાર આપવામાં આવી રહ્યો છે. મગફળીના ઉત્પાદનમાં રહેલા પ્રવર્તમાન પ્રશ્નોનું નિરાકરણ આવે તે દિશામાં આ વર્કશોપના માધ્યમથી પ્રયાસો કરવામાં આવશે. નિવૃત્ત પ્રિન્સિપલ સાયન્ટિસ્ટ એસ. એન. નિગમે મગફળીના પાકમાં જીનેટીક-બ્રીડર, એગ્રો કલાઈમેટિક ફેક્ટર, ટેકનોલોજી સહિતના મુદ્દે સંશોધકોને અંગુલી નિર્દેશ કર્યો હતો. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સીડ સાયન્સના ડાયરેક્ટર સંજય કુમારે અભ્યાસના આધારે બીજ ઉત્પાદન અને બીજા આપૂર્તિ સહિતના મુદ્દે રહેલા પડકારો અંગે પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા

જૂનાગઢ સ્થિત મગફળી સંશોધનનિર્દેશાલયના ડાયરેક્ટર શ્રી એસ. કે. બેરાએ ડીજીઆર દ્વારા મગફળીની સંશોધિત જાતો, દેશભરમાં મગફળીના પાકનો ઝોન વાર ચિતાર સહિતની આંકડાકીય માહિતી સાથેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. આ પ્રસંગે સંશોધન નિયામક એચ.એમ ગાજીપરાએ શાબ્દિક સ્વાગત અને મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક આર.બી માદરીયાએ આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન પરેશ ડાવરા એ કર્યુ હતું. આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અધ્યાપકો, વૈજ્ઞાનિકો અને દેશભરમાંથી પધારેલા વૈજ્ઞાનિકો- સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢના સામાજીક અગ્રણીની મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી સાથે શુભેચ્છા મુલાકાત



જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢના વિનય પ્રાઈવેટ લિમિટેડના પ્રતિનિધિ અને સામાજિક આગેવાન અને સમૂહ લગ્ન પ્રણેતા હરસુખભાઈ વઘાસીયાએ તાજેતરમાં ગાંધીનગર ખાતે મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રીની મુલાકાત લીધી હતી જયાં તેઓના દીકરાના ખબર અંતર પૂછ્યા હતા આ ઉપરાંત કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલની મુલાકાત કરી ખેડૂતોને વધારાના વધારે લાભ મળે તે અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો તેમજ કેબિનેટ ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત સાથે પણ મુલાકાત કરી ઉદ્યોગ ક્ષેત્રે વિકાસ કેમ થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી

# કોડીનાર ડેપોને ફાળવેલ વાહન અન્ય ડેપોને સોંપી દેવાતા રોષ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૫

તાજેતરમાં તારીખ ૨૧/૫/૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતેથી એસટી નિગમ દ્વારા ત્રણસોને એકવીસ નવા વાહનોની ફાળવણી કરવામાં આવી હતી. જે પૈકી વાહન નંબર જીજે. ૧૮-જેડ-૮૭૯૬ને કોડીનાર-જામનગર રૂટ માટે કોડીનાર ડેપોને ફાળવવામાં આવેલ હતું. જે માટે કોડીનાર ડેપો ખાતેથી ડ્રાઈવર કન્ડકટરને આ વાહન લેવા માટે અમદાવાદ મોકલવામાં આવેલ હતાં. એસટી નિગમના તારીખ ૨૩/૫/૨૦૨૩ના પત્ર નં.ગુરામા/પરિ/સંચા/સમયપત્રક/૩૨૦ આદેશ અનુસાર જે વાહન જે રૂટમાં ફાળવેલ છે તે જ રૂટમાં વાહન ફાળવવાનું છેછતાં પણ વિભાગીય નિયામક અમરેલી દ્વારા એસટીના ઊપરી અધિકારીના આદેશનો ભંગ કરી આ વાહન કોડીનાર ડેપોને ફાળવવાના બદલે અન્ય કોઈ ડેપોને ફાળવી દીધેલ છે. તેવી લેખિત ફરિયાદ ગ્રિનલાઈફ લાઈફ ફાઉન્ડેશનના પ્રમુખ હરીભાઈ વાળાએ અમરેલી વિભાગીય નિયામકને કરેલ છે ત્યારે વર્ષોથી અમરેલી વિભાગ દ્વારા કોડીનારને અન્યાય કરવાની પરંપરા ચાલુ રહે છે કે, નવા




વિભાગીય નિયામક કોડીનારની જનતાને ન્યાય આપશે તે તો સમય જ બતાવશે.

# વેરાવળની સટ્ટાબજારમાં નવનિયુક્ત ચીફ ઓફિસર દેવેન્દ્ર પ્રકાશ મીણા (આઈએએસ) દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ

વેરાવળ, તા.૨૫

વેરાવળ પાટણ નગરપાલિકાના નવનિયુક્ત પ્રોબેશનરી ચીફ ઓફીસર દેવેન્દ્ર પ્રકાશ મીણા (આઈએએસ) દ્વારા શહેરની સફાઈને વધુ સુદ્રઢ બનાવવા અગાઉ તા.૧૧/૫/૨૦૨૩ના રોજ શહેરના વિવિધ વેપારી આગેવાનો સાથે એક મિટિંગનું આયોજન કરેલ અને શહેરની સફાઈ વ્યવસ્થામાં નગરપાલિકાના સફાઈ કર્મચારી ઉપરાંત નગરજનોનો પણ સહકાર હોવો જોઈએ એ બાબત ઉપર ભાર મૂકી શહેરને સ્વચ્છ રાખવા નાગરિકોને અપીલ કરી સહકાર આપવા અન્યથા





નાછૂટકે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ.જે અન્વયે તા.૨૩/૫/૨૩ના રોજ દેવેન્દ્ર પ્રકાશ મીણા (આઈએએસ) દ્વારા અચાનક સરપ્રાઈઝ ચેકીંગ કરી શહેરની મુખ્ય બજાર એવા સટ્ટા બજાર વિસ્તારમાં મુલાકાત લઈ જાહેરમાં કચરો કરનાર વેપારીઓ, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનાર વેપારીઓ અને દુકાનમાં ડસ્ટબીન ના હોવા બાબતે દંડનીય કાર્યવાહી કરી રૂા.૬૪૦૦/- નો દંડ વસૂલ કરી દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવેલ.

હજુ આવતા દિવસોમાં પણ શહેરીજનોને શહેરની સફાઈમાં સહકાર આપવા, પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા અપીલ કરી હતી. આ સાથે જ વધુમાં જણાવેલ કે જો શહેરની સફાઈ વ્યવસ્થામાં સહકાર નહી આપે તો આ રીતે દંડનીય કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. દેવેન્દ્ર પ્રકાશ મીણા (આઈએએસ) સાથે આ કાર્યવાહીમાં નગરપાલિકાના ઓફિસ ડી. ડી. દવે, જીપીસીબીના અધિકારી હિતેશ બારીયા તથા સ્ટાફ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકા જીલ્લામાં મહિલાઓને પોલીસ દ્વારા વિનામૂલ્યે રાયફલ ફાયરિંગ તાલીમ અપાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલા સશક્તિકરણના ભાગરૂપે યુવતીઓને રાયફલ ફાયરિંગની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ૧૫ થી ૨૫ વર્ષના મહિલાઓ, યુવતીઓને વિનામૂલ્યે ફાયરીંગ અંગેની તાલીમ આપવામાં આવશે.

આ તાલીમમાં ભાગ લેવા ઈચ્છતા મહિલાઓએ ખંભાળિયામાં લાલપુર બાયપાસ રોડ ઉપર આવેલી જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે તારીખ ૩૦ મે સુધીમાં (રજાના દિવસ સિવાય) સવારે ૧૧ થી સાંજે ૬ વાગ્યા સુધી રજીસ્ટ્રી શાખામાં રજીસ્ટ્રેશન કરાવવા જિલ્લા પોલીસ વડાની એક યાદીમાં જણાવાયું છે. નિયત તારીખ પછી રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહીં અને રજીસ્ટ્રેશન સિવાયના મહિલાઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે નહીં તેમ પણ વધુમાં જણાવ્યું છે.

# ખંભાળિયા એસટી ડેપોને ફાળવવામાં આવેલી ચાર નવી બસોને લીલી ઝંડી અપાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક ખંભાળિયા કે જ્યાં દરરોજ મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહે છે અને અહીંના બસ સ્ટેશનમાં આવતી તથા જતી એસટીની બસમાં નોંધપાત્ર ટ્રાફિક રહે છે. ત્યારે રાજય સરકાર દ્વારા ખંભાળિયા ડેપોને ફાળવવામાં આવેલી જુદી જુદી ચાર નવી બસનો લોકાર્પણ કાર્યક્રમ ગઈકાલે મંગળવારે યોજવામાં આવ્યો હતો.

ગુજરાત વાહન વ્યવહાર નિગમ દ્વારા ખંભાળિયા ડેપોને બે મીડીબસ તથા બે લક્ઝરી બસ ફાળવવામાં આવી છે. ત્યારે આ ચાર બસ અનુક્રમે મોરબી-રાજકોટ તથા અમદાવાદ રૂટ પર દોડાવવાનું અહીંના એસટી તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ તમામ ચાર બસોનો લોકાર્પણ કાર્યક્રમ મંગળવારે સાંજે અહીંના એસટી ડેપો ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, નગરપાલિકાના પ્રમુખ ભાવનાબેન પરમાર, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર વિગેરેની ખાસ ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિતો સાથે બસના ચાલક તેમજ મુસાફરોના મોં મીઠા કરાવવામાં આવ્યા હતા. આધુનિક ટેકનોલોજીવાળી અને આરામદાયક આ બસને મયુરભાઈ ગઢવીએ લીલી ઝંડી આપી અને પ્રસ્થાન કરાવ્યું હતું. સુવિધાસભર આ બસનો લાભ લોકો લ્યે માટે એસટી ડેપો મેનેજર મિલનભાઈ રાઠોડ દ્વારા મુસાફરોને અપીલ કરવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં બાળકોને સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવશે



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

છેલ્લા કેટલાક સમયથી વધી રહેલા કાર્ડીયાક એટેકના બનાવના અનુસંધાને લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી ઠેર ઠેર સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવે છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ લોકોને હૃદયરોગનો હુમલો આવે ત્યારે તબીબી સારવાર મળે તે પૂર્વે મહત્વની એવી સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. આના અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ ડોક્ટર સેલના કન્વીનર ડોક્ટર અમિત નકુમ દ્વારા સમગ્ર જિલ્લાના બાળકોને સીપીઆર ટ્રેનિંગ આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ દ્વારા જરૂરી માર્ગદર્શન તેમજ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીએ ગોરજ કૈલાસ કેન્સર હોસ્પિટલને રૂા.૪૨ લાખ રૂપિયાનું દાન આપ્યું

## કેનેડાનાં પ્રથમ પાંચ કાર્યક્રમની મળેલી રાશી સેવા કાર્યમાં અર્પણ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

જાણીતા હાસ્યકલાકાર અને સમાજસેવક જગદીશ ત્રિવેદી કે જે હાલ અમેરીકા અને કેનેડાના પ્રવાસમાં છે. તેમના દ્વારા કેનેડાનાં પ્રથમ પાંચ કાર્યક્રમોથી પ્રાપ્ત થયેલી રૂપિયા ૪૨ લાખ જેવી માતબર રકમ એકઠી કરીને



મુની સેવા આશ્રમ ગોરજના કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટરને દાન કરી છે. એમણે કેનેડાનાં હેમિલ્ટન, ટોરોંટો, સાસ્કાટૂન, રજાઈના અને બ્રેન્ડન એમ કુલ પાંચ શહેરમાં હાસ્યનો કાર્યક્રમ કરીને અનુક્રમે ૧૨૦૦૦, ૩૦૦૦૦, ૭૭૦૦, ૮૯૦૦ અને ૧૦૦૦૦ કેનેડીયન ડોલર મળીને કુલ ૬૮,૬૦૦ ડોલર એટલે કે ભારતના રૂા.૪૨,૦૦,૦૦૦નું દાન ગોરજની કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટરને આપ્યું છે.

જગદીશ ત્રિવેદી હજુ કેનેડામાં બીજા ત્રણ અને અમેરિકામાં સાત મળીને દસ કાર્યક્રમો કૈલાસ કેન્સર હોસ્પિટલ માટે કરશે. આમ, કુલ પંદર કાર્યક્રમો દ્વારા આશરે રૂ. દોઢ કરોડ જેવી માતબર રકમ આ સંસ્થાને દાન કરશે એવી શ્રદ્ધા તેમણે વ્યક્ત કરી છે. મુની સેવા આશ્રમ - ગોરજ તરફથી હેમંતભાઈ પટેલ, ડો. યોગેન્દ્ર પટેલ - અમેરીકા અને અશોકભાઈ પટેલ- કેનેડા આ તમામ કાર્યક્રમોમાં જગદીશ ત્રિવેદી સાથે રહી સંકલન કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયામાં પણ તેમણે એક સરકારી શાળાને લાખો રૂપિયાના ખર્ચે સંપૂર્ણપણે રીનોવેટ કરાવી, સરકારને સુપ્રત કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# અપરાધિક ગઠબંધન રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સહિત છ રાજ્યોમાં આતંકીઓ, ગેંગસ્ટરો, નશીલા પદાર્થોના તસ્કરોના ગઠબંધનને ધ્વસ્ત કરવા માટે જે છાપામારી કરી તે એ જ દર્શાવે છે કે આ ગઠબંધન કેટલું વ્યાપક રૂપ લઈ ચૂક્યું છે. આ સામાન્ય વાત નથી કે એનઆઈએએ છ રાજ્યોમાં ૧૨૦થી વધુ ઠેકાણાં પર છાપામારી કરી છે. આ વ્યાપક છાપામારી જ સ્પષ્ટ કરી રહી છે કે આંતરિક સુરક્ષા માટે ખતરો બની રહેલું આ ગઠબંધન ક્યાંય વધુ મજબૂતીથી પોતાનાં મૂળિયાં જમાવી ચૂક્યું છે.

એ સારી વાત છે કે આ ગઠબંધન પર એનઆઈએની નજર હતી, પરંતુ એ સારો સંકેત ન કહેવાય કે આ ગઠબંધન આટલા મોટા પાયે પોતાનો પ્રસાર કરી ચૂક્યું છે. આતંકીઓ, ગેંગસ્ટરો અને નશાના તસ્કરોનું ગઠબંધન એક ખતરનાક સમૂહ છે. તે રાષ્ટ્રીય સુરક્ષા માટે એ રીતે એક મોટો ખતરો બની ગયું છે તેની જાણ પાછલા કેટલાક સમયમાં તેના દ્વારા અંજામ અપાતી ગતિવિધિઓથી થાય છે. એ કોઈથી છુપુ નથી કે હાલના સમયમાં કઈ રીતે ગેંગસ્ટરોએ એક પછી એક કેટલીય મોટી વારદાતોને અંજામ આપ્યો છે. આતંકીઓ સાથે સાંઠગાંઠ રાખનારા આ ગેંગસ્ટરોએ કેટલીક ઘટનાઓમાં તો જેલમાં રહીને અંજામ આપ્યો છે. એ જ રીતે તેમના દ્વારા કેટલીક ઘટનાઓ વિદેશમાં બેઠાં બેઠાં પણ અંજામ આપવામાં આવ્યો છે. એ પણ બધા સામે છે કે છેલ્લા કેટલાક સમયથી કઈ રીતે દેશના વિભિન્ન હિસ્સામાં માદક પદાર્થોની મોટી ખેપ પકડાતી રહે છે.

આતંકીઓ, ગેંગસ્ટરો અને નશાના તસ્કરોના ગઠબંધનને સીમા પાર અર્થાત પાકિસ્તાનથી પણ સહયોગ અને સમર્થન મળી રહ્યું છે. જરૂરિયાત માત્ર એની જ નથી કે આ ગઠબંધન પર લગામ કસવામાં આવે, બલ્કે એની પણ છે કે તેને જડમૂળથી ઉખાડી ફેંકવામાં આવે. આ ગઠબંધને પંજાબમાં કેટલીક આતંકી ઘટનાઓને પણ અંજામ આપવાની કોશિશ કરી છે, તેથી એનઆઈએ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓની સાથે પંજાબ પોલીસે પણ વધારાની સતર્કતા રાખવાની જરૂર છે.

આ અપરાધિક ગઠબંધને એ વોહરા કમિટીની યાદ દેવડાવી છે જેણે એક સમયે કહ્યું હતું કે દેશમાં ભ્રષ્ટ અને અપરાધિક તત્ત્વોની સાથે માફિયાના ગઠબંધને પોતાની સમાંતર સત્તા સ્થાપી લીધી છે. એ ન કહી શકાય કે વોહરા કમિટી દ્વારા રેખાંકિત કરવામાં આવેલ આ ગઠબંધનને ધ્વસ્ત કરવામાં સફળતા મળી ગઈ છે. સ્પષ્ટ છે કે કાયદો અને વ્યવસ્થા સાથે આંતરિક સુરક્ષાને પડકાર આપનારા જાતજાતના ગઠબંધનો બની રહ્યા છે. આ પ્રકારના જે પણ ગઠબંધન છે એ બધા વિરૂધ્ધ એક સાથે સખ્તાઈ રાખવાની જરૂર છે. એનઆઈએએ જેવી છાપામારી ગતરોજ કરી એવી જ તેણે કેટલાક દિવસ પહેલાં દક્ષિણથી લઈને ઉત્તરના કેટલાક રાજ્યોમાં જેહાદી નેટવર્ક વિરૂધ્ધ પણ કરી હતી. એ સમજવું જોઈએ કે જેહાદી તત્ત્વોનું નેટવર્ક પણ દેશ માટે એક મોટો ખતરો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઋણ સમાન કોઈ દુ:ખ નથી.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૬ સ્કંદ ષષ્ઠી, અરણ્ય ષષ્ઠી, આરોગ્ય ષષ્ઠી, વિંધ્યવાસીની પૂજા, ગુરૂ પુષ્યામૃત સિધ્ધિ યોગ (સૂર્યોદયથી સાંજે ૫:૫૩ ક. સુધી), મહારાણી શ્રી લક્ષ્મીબાઈ નિર્વાણદિન (ઝાંસી) તા.૨૫ મે ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૪, પુષ્ય નક્ષત્ર, વૃધ્ધિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૨૯

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ગૃહવિવાદના ભોગ બનવું પડે. ગુપ્ત ચિંતા સતાવે.

વૃષભ : કાર્યબોજમાંહળવાશ અનુભવાય. નવિનઆયોજનોમાંસફળતામળે.

મિથુન : ધંધા-વ્યવસાયિક કામમાં લાભ રહે. આવકમાં વૃધ્ધિ થાય.

કર્ક : માનસિકઆનંદ-ઉત્સાહ વિશેષ રહે. નવિન મુલાકાત બર આવે.

સિંહ : વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. ધારેલા કાર્યો પૂર્ણ થાય.

કન્યા : અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય.

તુલા : પરણેલાઓને સાસરા પક્ષ તરફથી લાભ થાય. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

વૃશ્ચિક : વિરોધીઓને પીછેહટ કરવી પડે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.

ધન : વ્યર્થ દોડા-દોડી રહે. નવું સાહસ ન કરવું હિતાવહ.

મકર : માંગલિક કાર્યોનું આયોજન થાય. મિલન-મુલાકાતમાં સફળતા મળે.

કુંભ : આકસ્મીક ધન લાભ થાય. વાણીચાતુર્યથી કામ સફળ થાય.

મીન : વડીલ વર્ગ કે ઉપરી અધિકારી વર્ગથી લાભ મળે. નવિન યોજનાઓ પાર પડે.

# હવે ખાનગી રીટ્રાઈવલ સેન્ટરમાંથી મળતા પાંચ કેડેવરમાંથી દર બીજા કેડેવરના તમામ અવયવોની ફાળવણી અંગેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલને અપાશે

ગાંધીનગર તા. ૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસથાને મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ ચર્ચા અને અગત્યના નિર્ણય સંદર્ભે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા અંગોના ટ્રાન્સપ્લાન્ટ માટે મહત્વનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે.

ગુજરાત સરકારની G.DOT ગાઈડલાઈન મુજબ હવેથી અંગદાન થકી ખાનગી હોસ્પિટલમાં રીટ્રાઈવલ (શરીરમાંથી અંગો કાઢવાની પ્રક્રિયા) દરમિયાન પાંચ કેડેવરમાંથી મળતા અંગોમાંથી દર બીજા કેડેવરના તમામ અંગોની ફાળવણી અંગેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ માટે અપાશે.

હાલની પ્રક્રિયા પ્રમાણે મેડીસીટી કેમ્પસ સિવાયની અન્ય સરકારી રીટ્રાઈવલ હોસ્પિટલોમાંથી અવયવો પ્રાપ્ત થતા ૧, ૩ અને ૫ ક્રમાંકના અવયવો સરકારી હોસ્પિટલોમાં ફાળવવામાં આવે છે. જ્યારે ૨ અને ૪ ક્રમાંકના અવયવો ખાનગી હોસ્પિટલોને ફાળવવામાં આવે છે.

જેના પરિણામે અત્યારસુધીમાં ખાનગી રીટ્રાઈવલ હોસ્પિટલોમાંથી અંગદાન થતા તેની ફાળવણી જનરલપુલમાં દર્દીઓને થતી.જેમાં ખાનગી અને સરકારી હોસ્પિટલોના દર્દીઓનો સમાવેશ થતો હતો. આ સમગ્ર પ્રક્રિયામાં સુધારો કરીને હવેથી ખાનગી રીટ્રીવલ હોસ્પિટલોમાંથી અંગદાન થતા ૧,૩ અને ૫ ક્રમાંકના અવયવો ખાનગી હોસ્પિટલોને જ્યારે ૨ અને ૪ ક્રમાંકના તમામ અવયવોના ટ્રાન્સપ્લાન્ટ માટેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલોમાં દાખલ દર્દી માટે આપવામાં આવશે.

જેના પરિણામે અંગોના પ્રત્યારોપણમાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સમગ્ર પ્રક્રિયાને લઈને સંતુલન જળવાઈ રહેશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતુ. વધુમાં અંગોના પ્રત્યારોપણ માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈનને અનુસરીને રાજ્ય સરકારના SOTTO એકમ દ્વારા મહત્વનો નિર્ણય હાથ ધરાયો છે. જેમાં અંગોના પ્રત્યારોપણ માટેના રજીસ્ટ્રેશન માટે હવેથી ડોમાસાઈલ સર્ટીફિકેટની જરૂર રહેશે નહીં. વધુમાં આ રજીસ્ટ્રેશન માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે.

અંગોના પ્રત્યારોપણ માટેના રજીસ્ટ્રેશનમાં હવેથી કોઈપણ ઉમરના વ્યક્તિ રજીસ્ટ્રેશન કરાવી શકશે.

અંગદાન અને અંગોના ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે આ મહત્વના જનહિતલક્ષી નિર્ણયથી સમગ્ર પ્રક્રિયા ખૂબ જ સરળ, અસરકારક અને વધુ જન ઉપયોગી બની રહેશે તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતુ.

# ૫ જૂન-વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંબાજી ખાતે કરાશે

ગાંધીનગર/અંબાજી તા. ૨૫

પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ૫ જૂન-વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી 'વન કવચ' થીમ પર અંબાજી ખાતે કરાશે. કાર્યક્રમ દરમિયાન ૧૦,૦૦૦ જેટલા વૃક્ષો વવાશે અને ડ્રોન દ્વારા બીજની વાવણી સંદર્ભે પણ ખાસ કાર્યક્રમ યોજશે. મંત્રી પટેલે ઉમેર્યુ કે, આ ઉજવણીમાં અમદાવાદ, આણંદ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ભરૂચ, ભાવનગર, મોરબી, વલસાડ અને સુરત એમ ૧૧ જિલ્લાઓમાં MISTHI કાર્યક્રમ હેઠળ મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવશે.

આ ઉપરાંત ગીર સોમનાથ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, નડિયાદ, પંચમહાલ, બનાસકાંઠા, ભાવનગર અને સાબરકાંઠાના ૮ જેટલા પવિત્ર યાત્રાધામ સ્થળોએ ખાસ ઝુંબેશ હાથ ધરી દરેક સ્થળે વૃક્ષારોપણ કરવાનું આયોજન છે.

પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં ઉમેર્યુ કે, અમરેલી, અરવલ્લી, ગાંધીનગર, છોટાઉદેપુર, ડાંગ, તાપી, દાહોદ, નર્મદા, પાટણ, પોરબંદર, મહિસાગર, મહેસાણા, રાજકોટ, વડોદરા અને સુરેન્દ્રનગરની શાળાઓમાં પણ વિશેષ કાર્યક્રમો યોજાશે. પ્રવકતા મંત્રી પટેલે વધુમાં ઉમેર્યુ કે, ઓખા, પોશિત્રા, કાળુભાર, જામનગર અને નવલખી એમ પાંચ અલગ-અલગ સ્થળોએ વિશેષ ડોલ્ફિન શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી પ્રસંગે સંસદ સભ્યો, ધારાસભ્યો, સ્થાનિક મહાનુભાવો, વિવિધ NGO, માછીમારો સહિત સ્વયંસેવકો સહભાગી થશે.

# AIIMS રાજકોટનું ૬૦ ટકા નિર્માણકાર્ય સંપન્ન

રાજકોટ તા. ૨૫

પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે AIIMS રાજકોટના નિર્માણકાર્ય સંદર્ભે જણાવ્યું કે , હાલ રાજકોટ એઈમ્સનું ૬૦ ટકા જેટલું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે.

ઓકટોબર-૨૦૨૩ સુધીમાં ગુજરાતની પ્રથમ AIIMS - રાજકોટનું ૧૦૦ ટકા બાંધકામ પૂર્ણ થશે તેમ તેમણે જણાવીને આ ઈન્સ્ટીટ્યુટ કાર્યરત બનતા ગુજરાતની સાથે દેશની સ્વાસ્થ્ય-સેવાને નવું બળ મળશે તેમ ઉમેર્યુ હતુ.

એઈમ્સ એ રાજયના સ્વાસ્થ્ય ક્ષેત્રે 'માઈલ સ્ટોન' બની રહેશે તેમ જણાવતાં મંત્રીએ ઉમેર્યુ કે, આશરે ૧,૫૮,૮૭૯ ચો. મી. ના બાંધકામ વિસ્તારમાંથી ૯૧,૯૫૦ ચો. મી. વિસ્તારનું બાંધકામ પૂર્ણ થયેલ છે. અહીં ૭૭,૪૩૫ ચો. મી.ના હોસ્પિટલ વિસ્તારમાં ૧૫ થી ૨૦ સુપરસ્પેશિયાલિસ્ટ વિભાગ, ઈમરજન્સી, ટ્રોમા, આયુષ અને આઈસીયુ જેવી સુવિધાઓ, ૨૭,૯૧૧ ચો. મી. વિસ્તારમાં મેડિકલ અને નર્સિંગ કોલેજ, ૫૧,૧૯૮ ચો.મી. વિસ્તારમાં હોસ્ટેલ અને ક્વાટર્સ તથા ૨,૩૩૫ ચો.મી. વિસ્તારમાં અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે.

મંત્રીએ ઉમેર્યુ કે, વર્ષ ૨૦૧૭-૧૮ ના બજેટમાં AIIMS - રાજકોટની જાહેરાત કરાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૧.૫૮ લાખ ચો.મી. વિસ્તારમાં ૭૫૦ બેડ અને હાલ ૧૫૦ એમ.બી.બી.એસ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી આ AIIMS નું ડિસેમ્બર,૨૦૨૦માં ઈ - ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

અહીં ડિસેમ્બર ૨૦૨૧ થી કાર્યરત ૧૪ સ્પેશિયાલિસ્ટ વિભાગોમાં અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ નાગરિકોએ ઓ.પી.ડી સેવાનો તથા ૪૫ હજારથી વધુ નાગરિકોએ ટેલીમેડીસીન સેવાનો લાભ લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪ પહેલાં દેશમાં ફક્ત ૮ જ એઈમ્સ કાર્યરત હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું સુકાન સંભાળ્યા બાદ દેશને નવી ૧૪ એઈમ્સની મંજૂરી મળી છે.

# ગુજરાત માં શાળા પ્રવેશોત્સવની ૧૮મી શૃંખલા આગામી તા.૧૨ થી ૧૪ જૂન-૨૦૨૩ દરમિયાન યોજાશે : પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર તા. ૨૫

ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૦૩થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવા શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવની ૧૮ મી શૃંખલા આગામી તા. ૧૨ થી ૧૪ જૂન-૨૦૨૩ દરમ્યાન યોજાશે. રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવનો શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં થશે.

પ્રવકતા મંત્રીએ ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષે યોજાનાર શાળા પ્રવોશોત્સવ કાર્યક્રમ અંગે આજે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી રાજય મંત્રી મંડળની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરીને આખરી ઓપ અપાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે રાજયભરના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો કાર્યક્રમ તા. ૧૨-૧૩-૧૪, જૂન-૨૦૨૩ ના રોજ યોજવામાં આવશે. રાજય કક્ષાએથી મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના તમામ મંત્રીઓ, IAS, IPS, IFS કક્ષાના અધિકારીઓ, સચિવાલયના અધિકારીઓ આ પ્રવેશોત્સવ કાર્યકર્મમાં શાળાએ-શાળાએ જઈ બાળકોને પ્રવેશ અપાવશે.

તેમણે ઉમેર્યુ કે, જૂન-૨૦૨૩ના શરૂ થતા ચાલુ શૈક્ષણિક સત્રથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે દરેક સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટિકા શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે તેથી આ વર્ષે બાલવાટિકામાં પ્રવેશ પામનાર બાળકોનો પણ પ્રવેશોત્સવમાં સમાવેશ કરવામાં આવશે. ઉપરાંત દરવર્ષની જેમ આંગણવાડી અને ધોરણ-૧ માં પ્રવેશ પામતા બાળકોને પ્રવેશ આપવામાં આવશે. જે બાળકોની ઉંમર ૧ લી જૂનના રોજ ૫(પાંચ) વર્ષથી વધુ અને ૬(છ) વર્ષ કરતા ઓછી હશે તેને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવશે, અને જે બાળકની ઉંમર ૧ લી જૂનના રોજ ૬(છ) વર્ષથી વધુ અને ૭(સાત) વર્ષ કરતા ઓછી હશે તેને ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવશે.

પ્રવકતા મંત્રીએ કહ્યું હતું કે, જન્મ-મરણ નોંધણીના રજીસ્ટર પરથી મળેલા આંકડાઓ અનુસાર જૂન-૨૦૨૩ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં અંદાજે ૯,૭૭,૫૧૩ વિદ્યાર્થીઓ બાલવાટિકામાં પ્રવેશ મેળવશે, અને ૨,૩૦,૦૧૯ વિદ્યાર્થીઓ ધોરણ-૧માં પ્રવેશ મેળવશે. રાજય કક્ષાએથી તથા જિલ્લા કક્ષાએથી ઉપસ્થિત રહેનાર મહાનુભાવો દિવસ દરમિયાન ત્રણ શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજરી આપશે. મહાનુભાવો દ્વારા શાળાઓની શૈક્ષણિક સિધ્ધિઓ, ભૌતિક સુવિધાઓ અન્ય ઉપલબ્ધિઓની શાળા વ્યવસ્થાપન સમિતિ સાથે બેસી સમીક્ષા કરવામાં આવશે.

તેમણે ઉમેર્યુ હતું કે, કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક તથા સહશૈક્ષણિક પ્રવૃતિઓમાં ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને તાજેતરમાં રાજય સરકાર દ્વારા ધોરણ-૫ ના વિદ્યાર્થીઓની લેવાયેલ કોમન એન્ટરન્સ ટેસ્ટમાં કટ-ઓફ કરતા વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. કોમન એન્ટરન્સ ટેસ્ટનું પરિણામ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# 'ફાલસાની ખેતી - વેલ્યુ એડીશન' 'ફાલસાનો પલ્પ, આવકનો જમ્પ'

આજે વાત કરવી છે વાંચના આવા જ એક પ્રગતિશીલ ખેડૂત અમિતભાઈની. વ્યવસાયે પ્રિન્ટિંગ પ્રેસના કારોબાર સાથે સંકળાયેલા વાંચના ખેડૂત અમિતભાઈ શાહ બાગાયતી ખેતી સાથે પણ દિલથી જોડાયેલા છે.

પોતાની ૧.૧૨ હેકટર જમીન ઉપરાંત ભાડા પેટે અન્ય ૧ હેકટર જમીન મેળવીને ફાલસા, પપૈયા અને આમળાંની બાગાયતી ખેતી કરતા અમિતભાઈ બાગાયત વિભાગના માર્ગદર્શન અને સહાય દ્વારા યોગ્ય વાવેતર અને આયોજન થકી સારો નફો મેળવી રહ્યાં છે. ફાલસાના ફળ ઉપરાંત ફાલસાના પલ્પના વેચાણ થકી સારો નફો મેળવતા અમિતભાઈએ બાગાયતી પાકોના કોમર્શિયલાઈઝેશનમાં નવો ચીલો ચાતર્યો છે.

ફાલસા અને અન્ય બાગાયતી પાકોની ખેતી અને તેમાં બાગાયત વિભાગ દ્વારા મળતા માર્ગદર્શન વિશે વાત કરતા અમિતભાઈ જણાવે છે કે પાંચેક વીઘા જેટલા વાવેતરમાં ૬ થી ૭ હજાર કિલો જેટલું ફાલસાનું ઉત્પાદન મળતું હોય છે. ડિસેમ્બર માસમાં ફાલસાના પાકને કાપણી કરીને રાખવામાં આવે છે, જેનું ઉત્પાદન માર્ચ - એપ્રિલ આસપાસ મળવા પામતું હોય છે. ફાલસાના કુલ ઉત્પાદનમાંથી તેઓ ફાલસા સીધા બજારમાં પણ વેચે છે અને પલ્પ બનાવીને પણ વેચાણ કરે છે.

ફાલસાના પલ્પનો ૩૫૦ રૂપિયા પ્રતિકિલો જેટલો બજારભાવ મળી રહેતો હોય છે, જ્યારે સીઝનમાં ફાલસાનો ભાવ પણ ૭૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિકીલો જેવો મળી રહેતો હોય છે. આ ઉપરાંત, આ વખતે ૨.૫ વીઘા જેટલી જમીનમાં તેમણે આમળાંનું વાવેતર કર્યું છે અને તેમાં આંતરપાક તરીકે પપૈયાનું વાવેતર કરેલું છે. બાગાયતી ખેતીમાં અન્ય ખેતીની સરખામણીમાં ઓછી મહેનતમાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે. ફાલસાની કુલ ?૩ લાખ જેટલી આવકમાંથી ચોખ્ખો ?૨.૫ લાખ જેટલો નફો મળતો હોય છે.

રાજયસરકારના બાગાયત વિભાગના માર્ગદર્શન થકી અમિતભાઈ ફળપાકોનું આયોજનપૂર્વક વાવેતર કરીને સારું ઉત્પાદન અને નફો મેળવી રહ્યાં છે.

આ ઉપરાંત, અમિતભાઈએ ફળ પાક વાવેતરમાં બાગાયત વિભાગ તરફથી ?૧૨૦૦૦ ની સહાય મેળવેલ છે તેમજ ચાલુ વર્ષે તેઓએ પપૈયાના પાકમાં સહાય માટે અને મિનિમલ પ્રોસેસિંગ યુનિટ માટે પણ બાગાયત વિભાગની સહાય માટે અરજી કરવાના છે.

અમદાવાદના જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલ દવેએ જણાવ્યું હતું કે, જિલ્લામાં વધુ ને વધુ ખેડૂતો બાગાયતી ખેતી અપનાવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને બાગાયત વિભાગ દ્વારા સકારાત્મક પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. ખેડૂતોને બાગાયતી ખેતી માટે માર્ગદર્શન સહિત વિવિધ યોજનાઓના લાભ સીધા મળી રહે તે માટે યોગ્ય દિશામાં પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. જિલ્લાના ખેડૂતો વધુને વધુ પ્રમાણમાં પ્રાકૃતિક ખેતીને અપનાવે તે માટે પણ ખેડૂતોને તાલીમ આપવા સહિતના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેમાં અવ્વલ હોવાથી અને પ્રકૃતિમાં ઠંડા હોવાથી ઉનાળામાં ફાલસાની બજારમાં ખૂબ જ ડિમાન્ડ રહેતી હોય છે. ફાલસાના પલ્પ, શરબત, શોટ્સ સહિત અન્ય ઘણી રીતે લોકો ઉનાળામાં ફાલસાની મજા માણતા હોય છે.

કાર્બોહાઈડ્રેટ્સ, વિટામીન અને ફાઈબરથી ભરપૂર 'નેચરલ કૂલિંગ એજન્ટ' તરીકે ઓળખાતા ફાલસા હિટ સ્ટ્રોક સામે રક્ષણ આપવા ઉપરાંત બ્લડ શુગર લેવલ કંટ્રોલ કરવા સહિત હાયપરટેન્શન અને અનેમિયા જેવા રોગોમાં પણ ઉપયોગી સાબિત થાય છે.

# વેરાવળમાં તપાસ માટે ગયેલ પોલીસની ફરજમાં રૂકાવટ કરી માર માર્યો : પોલીસ ફરીયાદ

વેરાવળ, તા.૨૪ (રાકેશ પરડવા દ્વારા)

વેરાવળમાં રેલ્વે સ્ટેશન નજીક આવેલ ઝુપડપટ્ટી વિસ્તારમાં પોલીસ કર્મીઓ તેમની ફરજ અર્થે તપાસમાં ગયેલ હોય તે સમયે હું આ વિસ્તારના સમાજનો પ્રમુખ હોય મને પુછયા વગર અહીં કેમ આવ્યા છો ? તેમ કહી માર મારી ફરજમાં રૂકાવટ કરેલ હોવાની ૧૫ થી વધુ મહિલા-પુરૂષો સામે ફરીયાદ પોલીસમાં નોંધાયેલ છે.

આ બનાવની પોલીસમાંથી પ્રાપ્ત માહીતી મુજબ પો.કો. રાહુલસિંહ ઝાલા તથા ભાવસિંહ ચૌહાણ બન્ને કર્મીઓ એમ.સી.આર. વાળા શખ્સોને ચેકીંગ કરવાની કામગીરી કરી રહેલ તે દરમ્યાન રેલ્વે સ્ટેશન નજીક આવેલ કોલસા વાડી નામે ઓળખાતી ઝુપડપટ્ટી વિસ્તારમાં કાળુ કુરજી સોલંકી નામનો શખ્સ અગાઉ ચોરીમાં પકડાયેલ હોય જેથી તેને ચેક કરવા ગયેલ તે સમયે તેનું ઝુપડું ખાલી હોય જેથી બાજુવાળા સુરેશ મનજી સોલંકી હાજર હોય તેને કાળુ બાબતે પુછપરછ કરતા આ શખ્સ એકદમ ઉશ્કેરાઈ જઈ બન્ને પોલીસ કર્મીઓને બીભત્સ શબ્દો બોલી અમારા ઝુપડપટ્ટી વિસ્તારમાં આવવું નહીં હું અહી દેવીપુજક સમાજનો પ્રમુખ છું મને પુછયા વગર તમે અહીં કેમ આવેલ છો ? તેમ કહી રાડોરાડ કરવા લાગતા અન્ય તેના કુટુંબીજનો એકઠા થઈ ગયેલ અને આ ટોળાએ ઉશ્કેરાઈ જઈ બન્ને પોલીસ કર્મીને પકડી ઢીકાપાટુનો માર મારેલ અને અન્ય પોલીસ સ્ટાફને બોલાવતા તેમની સાથે પણ ઝપાઝપી કરેલ અને પોલીસ ઉપર આક્ષેપો કરી આ ટોળામાં રહેલી મહિલાઓ તથા પુરૂષો પોતાની જાતે શરીરે ઈજાઓ પહોંચાડી હોસ્પીટલે સારવારમાં પહોંચેલ હોવાનું ફરીયાદમાં નોંધાવતા પોલીસે ૧૫ થી વધુ સામે આઈ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૧૮૬, ૩૩૨, ૩૪૧, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. સિંઘવે હાથ ધરેલ છે.

# મોદી અંગેની ડોક્યુમેન્ટરી : દિલ્હી હાઈકોર્ટે માનહાનિના કેસમાં BBCને સમન્સ પાઠવ્યું




નવી દિલ્હી, તા.૨૫ દિલ્હી હાઈકોર્ટે બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી)ને એક NGO દ્વારા દાખલ કરવામાં આવેલા માનહાનિના દાવા માટે સમન્સ જારી કર્યુહતું. આ અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ ડોક્યુમેન્ટરીએ ભારત, તેના ન્યાયતંત્ર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠાને નુકસાન કર્યું છે. જસ્ટિસ સચિન દત્તાએ, બીબીસી (યુકે) ઉપરાંત બીબીસી (ભારત)ને પણ નોટિસ જારી કરીને ગુજરાત સ્થિત એનજીઓ જસ્ટિસ ફોર ટ્રાયલ દ્વારા દાખલ કરાયેલા દાવા અંગે જવાબ માંગ્યો છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે બીબીસી (ઈન્ડિયા)એ સ્થાનિક ઓપરેશન ઓફિસ છે અને બીબીસી (યુકે)એ ડોક્યુમેન્ટરી ''ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન'' રજૂ કરી છે અને તેના બે એપિસોડ છે. એનજીઓ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ જણાવ્યું હતું કે, બીબીસી સામે બદનક્ષીનો દાવો એવી ડોક્યુમેન્ટરીના સંબંધમાં છે જેણે ભારત અને ન્યાયતંત્ર સહિત સમગ્ર સિસ્ટમને બદનામ કર્યું છે. તેમણે દલીલ કરી હતી કે આ ડોક્યુમેન્ટરીમાં વડાપ્રધાન વિરૂદ્ધ પણ આકરા શબ્દોનોર ઉપયોગ કરવામાં આવ્યો છે. વાદી વતી એવી દલીલ કરવામાં આવી હતી કે ડોક્યુમેન્ટરી દેશની પ્રતિષ્ઠા ઉપર બદનક્ષીભર્યા આરોપ કરવામાં આવ્યા છે. હાઈકોર્ટે કહ્યું કે, બધા અનુમતિપાત્ર મોડ દ્વારા પ્રતિવાદીઓને નોટિસ જારી કરવામાં આવે છે અને આ કેસની ૧૫ સપ્ટેમ્બરે સુનાવણી કરવામાં આવશે.

# ભારત શાંતિના માર્ગ માટે પ્રયાસો કરવા પ્રતિબધ્ધ છે



(એજન્સી) તા.૨૫ G-7 સમિટ દરમ્યાન વડા પ્રધાન મોદી યુક્રેનના વડાપ્રધાન વોલોડીમિર ઝેલેન્સકીને મળ્યા હતા અને યુદ્ધ સમાપ્ત કરવા માટે આગ્રહ કર્યો હતો. તેમણે આશ્વાસન આપ્યું છે કે ભારત શાંતિ માટે સંપૂર્ણ રીતે સંકલ્પબદ્ધ છે. યુદ્ધની શરૂઆત પછી ઝેલેન્સકી સાથે વડાપ્રધાનની આ પ્રથમ રૂબરૂ મુલાકાત હતી. આ પહેલા પણ બંને આ બાબતે ફોન ઉપર ઘણી વખત વાત કરી ચૂક્યા છે. વડાપ્રધાન યુદ્ધની શરૂઆતના થોડા સમય પછી શાંઘાઈમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળ્યા હતા, ત્યારે પણ તેમણે યુદ્ધ સમાપ્ત કરવાનો આગ્રહ કર્યો હતો. પુતિને તેમના સૂચનને અમલમાં મૂકવાની ખાતરી આપી હતી, પરંતુ તે કોન્ફરન્સમાંથી પાછા ફરતાની સાથે જ તેમણે યુક્રેન ઉપરના હુમલાઓ તેજ કરી દીધા હતા. હવે યુદ્ધને એક વર્ષ કરતા વધુ સમય વીતી ગતો છે. પણ બંનેમાંથી કોઈ પણ દેશ લવચીક અભિગમ અપનાવવા તૈયાર નથી. રશિયા એક યા બીજા બહાને યુક્રેન ઉપર તેના હુમલાને વધુ તીવ્ર બનાવી રહ્યું છે. તેણે યુક્રેનનો મોટો હિસ્સો પણ કબજે કર્યો છે. જેના કારણે સમગ્ર વિશ્વની સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે અને મોંઘવારી જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ થયું ત્યારે સમગ્ર વિશ્વની નજર ભારત ઉપર હતી. એવું માનવામાં આવતું હતું કે ભારતના પ્રયાસો તેને રોકવામાં મદદ કરી શકે છે. કારણ કે ભારત રશિયાનો ગાઢ મિત્ર છે અને તેની મધ્યસ્થી તેના ઉપર અસર કરી શકે છે. ભારતે પણ આ માટે પૂરા પ્રયાસો કર્યા હતા. વડાપ્રધાને જ્યારે પણ પુતિન સાથે વાત કરી ત્યારે તેમણે તેમની વાત ધ્યાનથી સાંભળી પરંતુ પછી તે પોતાનું ધાર્યું કરી રહ્યું છે. ભારત યુક્રેનની નજીક પણ રહ્યું છે, તેથી તે ભારતના સૂચનોને પણ ગંભીરતાથી લેતું આવ્યું છે. આવી સ્થિતિમાં, જ્યારે વડાપ્રધાને હિરોશિમામાં ઝેલેન્સકી સાથે અલગથી વાત કરી અને પછી કોન્ફરન્સના મંચ ઉપરથી બંને દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધને માનવતા માટે ગંભીર સંકટ ગણાવ્યું, ત્યારે તમામ સભ્ય દેશોએ તેનો હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. પશ્ચિમી દેશોએ પહેલેથી જ નક્કી કર્યુંહતું કે આ કોન્ફરન્સમાં રશિયા ઉપર વધુ કડક પ્રતિબંધો લાદવામાં આવશે. પરંતુ હવે ચીન આમાં સૌથી મોટું દુશ્મન બની રહ્યું છે. ગ્રૂપ ઓફ સેવનના દેશોએ તેનું નામ લીધા વિના તેની સખત નિંદા કરી અને કહ્યું કે તેણે આ યુદ્ધને રોકવા માટે રશિયા ઉપર દબાણ કરવું જોઈએ. હકીકતમાં, રશિયા-યુક્રેન યુદ્ધ હવે જે તબક્કે પહોંચી ગયું છે, ત્યાં કોઈ પણ પ્રકારની સમજૂતીને અવકાશ નથી. પશ્ચિમી દેશો ખુલ્લેઆમ યુક્રેનની તરફેણમાં આવ્યા છે, જ્યારે ચીન ખુલ્લેઆમ રશિયાની સાથે ઊભું છે. રશિયાના હુમલા યુક્રેન ઉપર અસર કરી રહ્યા છે. પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની શક્યતા પણ છે. આવી સ્થિતિમાં ભારત માટે સરળ નથી. જો તે રશિયા ઉપર દબાણ લાવવાનો પ્રયાસ કરે તો પણ કેવી રીતે ? ચીન એક મોટો અવરોધ છે. રશિયા જે રીતે યુક્રેન ઉપર પાયાવિહોણા આરોપો મૂકીને હુમલો કરવા માટે બહાનું શોધતું રહે છે અને પુતિન જે રીતે તેના મૂડમાં છે, તેના ઉપરથી એવું લાગતું નથી કે ભારતની માનવતા માટેના પોકારની તેના ઉપર કોઈ અસર થશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ યુદ્ધે માનવતા માટે એક મોટું સંકટ ઊભું કર્યું છે.

# રૂા. ૨૦૦૦ની નોટો ફક્ત કાળા નાણાં રાખનારા લોકો માટે મદદરૂપ : ચિદમ્બરમ્



નવી દિલ્હી તા. ૨૫ કોંગ્રેસના નેતા પી ચિદમ્બરમે ૨૦૦૦ રૂપિયાની નોટોને ચલણમાંથી બહાર કાઢવા અને ID પ્રૂફ વિના તેની બદલી કરવા બદલ કેન્દ્ર ઉપર આકરા પ્રહારો કર્યા છે. પૂર્વ નાણામંત્રીએ કહ્યું કે, કેન્દ્રની મોદી સરકારે પહેલા નોટબંધી કરી અને કાળા નાણા ઉપર અંકુશ લગાવવામાં તેને કોઈ સફળતા મળી નથી અને હવે આ પગલું એક નવો ડ્રામા છે. માત્ર ખાસ લોકો પાસે ૨૦૦૦ રૂપિયાની નોટ છે. સામાન્ય લોકો પાસે ૨૦૦૦ રૂપિયાની નોટ નથી કારણ કે ૨૦૧૬માં તેને રજૂ કરવામાં આવ્યા બાદ તરત જ લોકોએ તેને લેવાનું બંધ કરી દીધું હતું. ચિદમ્બરમે કહ્યું કે, આ નોટો રોજિંદા છૂટક ઉપયોગ માટે યોગ્ય નથી, તેથી લોકો તેનાથી દૂર રહ્યા. તેમણે કહ્યું કે, તે સ્પષ્ટ છે કે ૨૦૦૦ રૂપિયાની નોટ કોણે રાખી હતી અને હવે તેનો ઉપયોગ કેવી રીતે થશે. તમે જવાબ જાણો છો. પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમે કહ્યું કે, ૨૦૦૦ રૂપિયાની નોટ બદલીને સરકારે હવે કાળા નાણાને સફેદમાં ફેરવવાનું સરળ બનાવી દીધું છે. તેમણે કહ્યું કે આઈડી પ્રૂફ વગર ૨૦૦૦ રૂપિયાની નોટો બદલીને સરકારે બ્લેક મની ધરાવનારાઓને રેડ કાર્પેટ ઉપર આવકાર્યા છે. ચિદમ્બરમે કહ્યું કે "૨૦૧૬માં ? ૨૦૦૦ ની નોટ એક મૂર્ખામીભરી ચાલ હતી. મને આનંદ છે કે ઓછામાં ઓછા ૭ વર્ષ પછી આ મૂર્ખ પગલું પાછું ખેંચવામાં આવી રહ્યું છે." સરકારે શુક્રવારે જાહેરાત કરી હતી કે નોટોને ચલણમાંથી પાછી ખેંચી લેવામાં આવશે પરંતુ લોકોને ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો છે કે તેઓ તેમના ખાતામાં આ નોટો જમા કરી શકે અથવા બેંકોમાં બદલી શકે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ સ્પષ્ટતા કરી કે લોકોને કોઈપણ ફોર્મ અથવા રિકિવઝિશન સ્લિપ વિના નોટો બદલવાની મંજૂરી આપવામાં આવશે. કોઈ ઓળખ પુરાવાની જરૂર રહેશે નહીં. લોકો દિવસમાં ગમે તેટલી વખત ? ૨૦૦૦ની નોટો ? ૨૦,૦૦૦ સુધી બદલી શકે છે. ૨૦૧૬માં ? ૫૦૦ અને ? ૧૦૦૦ની નોટો ઉપર પ્રતિબંધ હોવા છતાં રાતોરાત અમાન્ય બની ગઈ હતી, પરંતુ ? ૨૦૦૦ની નોટો માન્ય રહેશે તેમ સરકારે જણાવ્યું છે. ? ૨૦૦૦ની નોટો પાછી ખેંચી લેવાના નિર્ણયનો બચાવ કરતા, પૂર્વ નીતિ આયોગના ઉપાધ્યક્ષ અરવિંદ પનાગરિયાએ જણાવ્યું હતું કે, તેની અર્થવ્યવસ્થા ઉપર કોઈ "પ્રત્યક્ષ અસર" થશે નહીં અને સંભવિત હેતુ ગેરકાયદેસર નાણાંની હિલચાલને વધુ મુશ્કેલ બનાવવાનો હતો.

# સરકાર અને ન્યાયતંત્ર વચ્ચેના મતભેદો ગંભીરતાપૂર્વક ઉકેલવા જોઈએ

નવી દિલ્હી તા.૨૫ તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટમાં સંક્ષિપ્ત ફેરબદલને કારણે કિરેન રિજિજુને તેમના કાયદા પ્રધાન પદ ઉપરથી હટાવી દેવામાં આવ્યા હતા. તેમને ભૂસ્તરશાસ્ત્રના પ્રમાણમાં ઓછા મહત્વના મંત્રાલયનો હવાલો આપવામાં આવ્યો છે. તેમના સ્થાને અર્જુન રામ મેઘવાલને રાજ્ય મંત્રી તરીકે કાયદા મંત્રાલયનો સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે. આ ફેરબદલ ઘણા કારણોસર આઘાતજનક માનવામાં આવે છે. તાજેતરના વર્ષોમાં આ પહેલીવાર છે જ્યારે કાયદા પ્રધાન કેબિનેટ રેન્કના નહીં હોય. કિરેન રિજિજુની ગણતરી સરકારના સૌથી હાઈપ્રોફાઈલ મંત્રીઓમાં થતી હતી. આ અચાનક પરિવર્તન માટે કોઈ કારણ આપવામાં આવ્યું નથી, પરંતુ જે પૃષ્ઠભૂમિમાં આ ફેરફારો સામે આવ્યા છે તેને અવગણી શકાય નહીં. કાયદાપ્રધાન તરીકે કિરેન રિજિજુનો કાર્યકાળ ન્યાયતંત્ર અને કાર્યપાલિકા વચ્ચેના અસામાન્ય મુકાબલો અને તણાવ માટે યાદ કરવામાં આવશે. ન્યાયાધીશોની નિમણૂક અને આવા અન્ય મુદ્દાઓને લઈને ન્યાયતંત્ર અને વહીવટી તંત્ર વચ્ચે મતભેદો હોવા એ કોઈ મોટી વાત નથી અને ક્યારેક તે ગંભીર સ્વરૂપ પણ ધારણ કરી લે છે. ભૂતકાળમાં પણ આવું બન્યું છે, પરંતુ આ કિસ્સાઓને પણ સંવેદનશીલતાથી હેન્ડલ કરવામાં આવ્યા છે. આ વખતે, ન્યાયાધીશોની નિમણૂંક ઉપરના મતભેદોએ નિમણૂંક પ્રક્રિયા ઉપર બે સંસ્થાઓના વિરોધાભાસી સ્ટેન્ડમાં વધારો કર્યો છે એટલું જ નહીં, પરંતુ કાયદા પ્રધાનના અસામાન્ય નિવેદનોએ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી દીધી છે. ૨૦૧૪માં, સરકાર નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન એક્ટ (NJAC એક્ટ) લાવી હતી, જેને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ગણાવીને ફગાવી દીધો હતો. ત્યારથી, ન્યાયતંત્રને લાગે છે કે કાર્યપાલિકા કોલેજિયમ દ્વારા મોકલવામાં આવેલા નામોને સ્વીકારવામાં ઉદાસીનતા બતાવી રહી છે. બીજી તરફ, સરકારે કહ્યું કે કોલેજિયમ સિસ્ટમ દ્વારા ન્યાયાધીશોની નિમણૂંક કરવાની પ્રથા સારી નથી અને તેને બદલવી જોઈએ. આ બાબતો અલગ-અલગ પ્રસંગોએ જાહેર પણ કરવામાં આવી હતી, પરંતુ રિજિજુના કાર્યકાળ દરમ્યાન તેમાં અણધારી રીતે વધારો થયો હતો. સુપ્રીમ કોર્ટે કોલેજિયમની ભલામણોના અમલીકરણમાં વિલંબને ગંભીર મામલો ગણાવીને કડક વહીવટી અને ન્યાયિક કાર્યવાહીની ચેતવણી આપી હતી એટલું જ નહીં, કાયદા પ્રધાને તો એમ પણ કહ્યું હતું કે કોઈ કોઈને ધમકાવી શકે નહીં. તેમણે એક અલગ પ્રસંગે એમ પણ કહ્યું કે દેશ બંધારણની બહારની કોઈપણ વ્યવસ્થાને સ્વીકારશે નહીં કારણ કે તે નિર્ણય કેટલાક ન્યાયાધીશો દ્વારા લેવામાં આવ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આવા કડક નિવેદનોથી ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચે સર્જાયેલો તણાવ ધીમે ધીમે ઓછો થશે અને બંને સંસ્થાઓ વચ્ચે જે મતભેદ ઊભા થયા છે તેને ગંભીરતાથી ઉકેલવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

# મોદીના પ્રવાસથી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનશે : વિદેશમંત્રી બ્લિંકન

(એજન્સી) તા.૨૫ જાપાનના હિરોશિમામાં વડાપ્રધાન મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે જી-૭થી અલગ મુલાકાત કરી હતી. આ દરમ્યાન બંને નેતાઓ એકબીજાને ગળે ભેટતા જોવા મળ્યા હતા. ત્યાર પછી બંને નેતાઓ ક્વાડ સમિટમાં પણ સામેલ થયા હતા. બંને પક્ષો વચ્ચે કોઈ દ્વિપક્ષીય બેઠક ન થઈ. તદઉપરાંત હવે પીએમ મોદી અમેરિકા જવાના છે, જેમાં આ દ્વિપક્ષીય બેઠકને આવરી લેવામાં આવી શકે છે. અમેરિકાના વિદેશમંત્રી એન્ટની બ્લિંકને આ દરમ્યાન ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી. આ બંનેની મુલાકાત પણ જી-૭ સમિટથી અલગ યોજાઈ હતી. તેમણે કહ્યું કે, અમારી વચ્ચે મહત્ત્વપૂર્ણ વાતચીત યોજાઈ હતી. તેમણે કહ્યું કે, અમારી નજર હવે જૂનમાં પીએમ મોદીના અમેરિકાના પ્રવાસ ઉપર છે. પીએમ મોદી અમેરિકા આવવાના છે અને તેનાથી અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધો મજબૂત થશે. જયશંકરે પણ આ મામલે કહ્યું કે, બ્લિંકન સાથેની મુલાકાત સારી રહી. હવે અમે વડાપ્રધાન મોદીના અમેરિકાના પ્રવાસની તૈયારીઓ કરી રહ્યા છીએ. પીએમ મોદી આગામી ૨૧ જૂને અમેરિકા રવાના થશે, તે દિવસે જ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પણ આવી રહ્યો છે. યુએન ખાતે તે દિવસે ન્યૂયોર્કમાં યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં અવી શકે છે. ત્યારબાદ ૨૨ જૂનના રોજ પીએમ મોદી વોશિંગ્ટન ડીસીની મુલાકાતે જઈ શકે છે જ્યાં બાઈડેન સાથે તેમની બેઠક યોજાશે.

# લ્યો...હેરોઈન રાખવાના આરોપમાં જેલ મોકલ્યો, ૨૦ વર્ષ બાદ સાબિત થયું કે, એ તો પાવડર હતો એટલે હવે મુક્ત કરાયો !!

(એજન્સી) તા.૨૫ શું કોઈ કરોડપતિ બિઝનેસમેનને ભાડું ન ચૂકવનાર સૈનિકને ઘરેથી કાઢી નાખવાની સજા ૨૦ વર્ષ હોઈ શકે છે. સાંભળીને નવાઈ લાગશે પણ આ એક એવું સત્ય છે, જે ક્યારેય ભૂલી શકાશે નહીં. આ સમગ્ર કેસમાં જે રીતે તત્કાલિન સીઓ સિટી અનિલ સિંહ, એસઓ જૂની બસ્તી લાલજી યાદવ અને એસઆઈ નર્મદેશ્વર શુક્લાએ ભાડું ન ચૂકવવા બદલ ઘરેથી કાઢી મૂકાયેલા ખુરશીદ નામના એક સૈનિક સાથે મળીને એક નિર્દોષને ફસાવવાનું કાવતરૂં રચ્યું તેને પોલીસના ઈતિહાસમાં કાળા અધ્યાય તરીકે યાદ રખાશે. આ લોકોના કાવતરાનું પરિણામ એ આવ્યું કે, જે વ્યક્તિ અનેક કરોડોનો જુગાર રમી રહ્યો હતો, તે પોલીસના કરતૂતથી ભિખારી બની ગયો. અબ્દુલ્લા અય્યુબને પોતાની નિર્દોષતા સાબિત કરવામાં ૨૦ વર્ષ લાગ્યા. દરમ્યાન તેનો કરોડોનો આખો વ્યવસાય બરબાદ થઈ ગયો. તેની માતા તણાવમાં મૃત્યુ પામી, અયુબને ઘણા મહિના જેલમાં વિતાવવા પડ્યા, તેણે સમાજમાં તેનું તમામ માન અને સન્માન ગુમાવ્યું. પોલીસે આ વ્યક્તિને ખોટો ગુનેગાર સાબિત કરવા માટે સેમ્પલ પણ બદલી નાખ્યો હતો. પોલીસે ખુલ્લા બજારમાં વેચાતા પાઉડરને હેરોઈન જાહેર કરી કરોડો રૂપિયાની હેરોઈન રિકવરીના આરોપમાં અયુબને જેલમાં ધકેલી દીધો હતો. જો કે, એડિશનલ સેશન્સ જજ ફાસ્ટ ટ્રેક કોર્ટે પ્રથમ વિજયકુમાર કટિયાર કેસની સુનાવણી ન કરી હોત તો અય્યુબને કદાચ ક્યારેય ન્યાય ન મળ્યો હોત. છેલ્લા ૨૦ વર્ષથી પોલીસ આ કેસને અનેક કોર્ટમાં ફેરવતી રહી, પરંતુ ન્યાયાધીશ વિજયે એક જ ઝાટકે આ કેસનો નિકાલ કરી દીધો. આ માટે તેમના નિર્ણયની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. માનનીય ન્યાયાધીશે એવો ઐતિહાસિક ચુકાદો આપ્યો જે સાંભળવામાં માનનીય ન્યાયાધીશને ઘણા વર્ષો લાગ્યા, છતાં નિર્ણય ન આપ્યો. માનનીય ન્યાયાધીશ વિજય કુમાર કટિયારે પોલીસના આ પાસાને સંપૂર્ણપણે બાજુ પર મૂકી દીધું. જેમાં અય્યુબ પાસેથી એક કરોડની કિંમતનું હેરોઈન ઝડપાયું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. વરિષ્ઠ વકીલ અને ભૂતપૂર્વ એડીજી પ્રેમ પ્રકાશ શ્રીવાસ્તવની સામે ફરિયાદ પક્ષનો બચાવ કામ કરી શક્યો ન હતો. કોર્ટને ન્યાય આપવા માટે લખનૌથી ૨ વૈજ્ઞાનિકોને પણ બોલાવવા પડ્યા, જેમણે જણાવ્યું કે, હેરોઈનના જે સેમ્પલને તપાસ માટે દિલ્હી મોકલવામાં આવ્યા હતા. તેમાં હેરાફેરી હતી, તેથી સેમ્પલને સાચો જાહેર કરવામાં આવ્યો હતો, વૈજ્ઞાનિકોએ પણ કોર્ટને જણાવ્યું હતું કે, આ રંગ હેરોઈનમાં ક્યારેય ફેરફાર થતો નથી, દિલ્હીની તપાસમાં બ્રાઉન હેરોઈન મોકલવામાં આવી હતી. એટલા માટે કોર્ટે પણ સંમતિ આપી કે, પોલીસે આ સમગ્ર કેસને ખોટી રીતે રજૂ કર્યો. ફરિયાદ પક્ષે કોર્ટનો સમય પણ વેડફ્યો હતો. ખાસ વાત એ છે કે, જ્યારે પોલીસે ૧૪ માર્ચ ૨૦૦૩ના રોજ અય્યુબ પાસેથી એક કરોડની કિંમતનું ૨૫ ગ્રામ હેરોઈન હાદિયા પાસેથી ઝડપ્યું હતું, ત્યારે અય્યુબ પાસે તે સમયે એક પણ રૂપિયો નહોતો, જરા અંદાજો લગાવો કે એક કરોડની કિંમત શું છે તે હેરોઈન લઈ રહ્યો છે અને તેની પાસે ઘરે પહોંચવા માટે કે મુકામ સુધી પહોંચવા માટે એક પણ રૂપિયો નથી, તે કેવી રીતે શક્ય છે. આ સમગ્ર મામલે પોલીસની ભૂમિકા સંપૂર્ણપણે શંકાસ્પદ રહી છે. ફરિયાદ પક્ષ તરફથી ૪ સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા, ૫ ગ્રામ કથિત હેરોઈન તપાસ માટે લખનૌની લેબમાં મોકલવામાં આવ્યું હતું, જે સીલબંધ હેરોઈનમાંથી મોકલવાને બદલે બહારથી પોલીસે ગોઠવી હતી.

# અદાણી ગ્રુપ સામેના આરોપોની તપાસ કરવા કોંગ્રેસે ફરી JPCની માંગ કરી

નવી દિલ્હી તા.૨૫ સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત નિષ્ણાંતોની પેનલે ભલે અદાણી જૂથને ક્લીનચીટ આપી હોય, પરંતુ કોંગ્રેસ હજુ પણ સમગ્ર મામલાની સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) દ્વારા તપાસની જરૂરિયાત ઉપર ભાર મૂકી રહી છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત નિષ્ણાંત સમિતિ અને સેબીએ અદાણી જૂથના વ્યવહારોની તપાસ કરતી વખતે મહત્ત્વપૂર્ણ તથ્યોની અવગણના કરી હતી. કોંગ્રેસનો દાવો સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત નિષ્ણાંત સમિતિના અહેવાલ પછી કરવામાં આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું હતું કે, તેને અદાણી જૂથની કંપનીઓના શેરના ભાવમાં હેરાફેરીના કોઈ પુરાવા મળ્યા નથી. આ જ કેસમાં સેબીએ એમ પણ કહ્યું હતું કે, વિદેશી સંસ્થાઓ પાસેથી મળેલા નાણાંમાં કથિત ઉલ્લંઘનની તપાસમાં કશું જ મળ્યું નથી. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વિટર ઉપર એક મીડિયા રિપોર્ટને ટેગ કરીને કહ્યું હતું કે, 'અદાણી બ્રિગેડ વધુ પુરાવા હોવા છતાં સુપ્રીમ કોર્ટની નિષ્ણાંત સમિતિના રિપોર્ટને 'ક્લીનચિટ' તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહી છે. અદાણી જૂથ નાના શેરધારકોને છેતરવા અને પ્રમોટરોને ખોટી રીતે સમૃદ્ધ કરવાના ઉદ્દેશ્ય સાથે અનેક સંબંધિત-પક્ષ વ્યવહારોમાં સામેલ છે. ગુજરાતમાં કંપનીના રજિસ્ટ્રારએ તાજેતરમાં ચુકાદો આપ્યો હતો કે, અદાણી પાવરે સંબંધિત- પક્ષ કરારોનું ઉલ્લંઘન કર્યું હતું અને વ્યવહારો છૂપાવીને કંપની એક્ટ, ૨૦૧૩નું ઉલ્લંઘન કર્યું હતું. ગૌતમ અદાણી, રાજેશ અદાણી અને વિનીત જૈનને દંડ ફટકાર્યો હતો. દરમ્યાન અદાણી જૂથના વ્યવહારોની તપાસ કરતી સુપ્રીમ કોર્ટની કમિટી અને સેબીની પણ તપાસ એવા તબક્કે પહોંચી છે કે જેનાથી આગળ કંઈપણ નિશ્ચિત કરવું મુશ્કેલ છે. તેથી જ અમારે જેપીસીની જરૂર છે. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત નિષ્ણાતોની પેનલે અદાણી ગ્રુપ વિશે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે, એવું લાગે છે કે, માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા નિયમોમાં કોઈ ક્ષતિ રહી નથી. અદાણી ગ્રુપ દ્વારા શેરના ભાવમાં કોઈ ચાલાકી કરવામાં આવી નથી

# ધો. ૧ ભણ્યા બાદ ફરી RTEમાં ધો. ૧માં પ્રવેશ લીધો હશે તો પ્રવેશ રદ કરાશે

## શિક્ષણ વિભાગના ધ્યાને આવ્યું કે અમુક વાલીઓએ ધોરણ-૧ ભણ્યા હોય તેમના પ્રવેશ RTEમાં કરાવ્યા છે

અમદાવાદ, તા.૨૫ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત અમુક વાલીઓએ ધોરણ ૧માં ભણેલા વિદ્યાર્થીઓના ફરી પ્રવેશ લીધા હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. ગતવર્ષે ધોરણ-૧ અથવા ધોરણ-૨માં અભ્યાસ કર્યો હોય તેમણે ઈએક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ લીધો હોવાનું ધ્યાને આવતા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પરિપત્ર કરી સ્કૂલો પાસેથી આવા વિદ્યાર્થીઓની વિગતો મંગાવી છે. આવા પ્રવેશ રદ કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાવ્યું છે. નિયમ મુજબ અગાઉ અભ્યાસ કર્યો હોય તેઓ ફરી ધોરણ-૧માં પ્રવેશ મેળવી શકે નહીં, તેમ છતાં RTEમાં પ્રવેશ લીધો હોવાનું સામે આવ્યું છે. RTEની પ્રવેશ કાર્યવાહી વખતે ધોરણ-૧માં અભ્યાસ કર્યો હોવા છતાં આ વર્ષે વાલીઓ દ્વારા RTE હેઠળ ફોર્મ ભરી પ્રવેશ મેળવ્યા અંગેની માહિતી શિક્ષણ વિભાગના ધ્યાને આવી છે. RTE હેઠળ પ્રવેશ અંગેની કાર્યપદ્ધતિ નિયત કરવા અંગેના શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈ અનુસાર જે વિદ્યાર્થી ધોરણ-૧ અથવા ધોરણ-૨માં અભ્યાસ કરતો હોય તે વિદ્યાર્થીને પુર્નાઃ ધોરણ-૧માં RTE અંતર્ગત પ્રવેશ આપવાનો રહેતો નથી. આમ, છતાં ચાલુ વર્ષે અમુક વાલીઓએ આ રીતે ધોરણ-૧માં અભ્યાસ કરતો હોવા છતાં ફરી RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. રાજ્યની જે સ્કૂલોએ ગત વર્ષે




ધોરણ-૧ અથવા ધોરણ-૨માં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪માં RTE એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ આપ્યો છે, તે બાળકોને પ્રવેશ રદ કરવા પાત્ર છે. જેથી બુધવાર સુધીમાં સ્કૂલોએ આવા વિદ્યાર્થી કે જેમણે ગત વર્ષે ધોરણ ૧ અથવા ૨માં અભ્યાસ કર્યો હોય અને ચાલુ વર્ષે ધોરણ-૧માં RTE હેઠળ પ્રવેશ લીધો હોય તેની વિગતો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મોકલવાની રહેશે.

# વિરાટ કોહલીથી સારું રમવાની ક્ષમતા શુભમન ગિલ પાસે છે : ગાવસ્કર

નવી દિલ્હી, તા.૨૫ આઈપીએલ-૨૦૨૩ની અંતિમ લીગ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિરૂદ્ધ ૧૯૮ રનનો પીછો કરતાં ગુજરાત ટાઈટન્સના યુવા બેટ્સમેન શુભમન ગિલએ શાનદાર સદી ફટકારી અને પોતાની ટીમને ૬ વિકેટે વિજય અપાવવામાં મદદ કરી પંજાબમાં જન્મેલા ક્રિકેટર વિશે વાત કરતા ભારતના પૂર્વ દિગ્ગજ ખેલાડી સુનિલ ગાવસ્કરે દબાણમાં સદી બનાવવા માટે ગિલની પ્રશંસા કરી તેમણે એમ પણ કહ્યું કે, કોહલીથી સારી બેટિંગ કરવા માટે સક્ષમ થવા અમુક ટેલેન્ટની જરૂર છે અને ગિલની પાસે આ ક્ષમતા છે ગાવસ્કરે કહ્યું આપણે શુભમન ગિલની બેટીંગ વિશે વાત કરવી જોઈએ કારણ કે તેણે દબાણમાં સદી બનાવી હતી. ગાવસ્કરનું કહ્યું કે મને નથી લાગતું કે, આપણે ટી-૨૦ માટે પસંદગીને લઈ ચિંતિત થયું જોઈએ કારણ કે જ્યાં સુધી વિશ્વકપનો સવાલ છે તો આગામી ટી-૨૦ વિશ્વકપ એક વર્ષથી વધારે દૂર છે. ગાવસ્કરનું માનવું છે કે કોહલી એક આક્રમક બ્રાન્ડનું ક્રિકેટ રમવાનો પ્રયાસ કરી રહ્યો હતો જે શાનદાર હતું.

# જૂનાગઢ મનપાનાં કેટલાક પદાધિકારી, કોર્પોરેટરોને પોતાની ફરજ શું છે તેનું ભાન કરાવવા ચિંતન શિબિર યોજવા માંગ

## ફોટો પરેડ, ફોટો સેશન, મંત્રીઓની આગળ-પાછળ રહી અને ફોટા પડાવવાનું અને પ્રેસનોટો જારી કરવાની કામગીરી કરતા આ નેતાઓની કથીત કામગીરી સામે જનતામાં જાગેલો ભારે રોષ







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૫

પ્રજાનાં વિકાસ કામો અસરકારક રીતે અને પારદર્શક રીતે કરવાનાં બદલે જૂનાગઢ મહાનગરપાલિકાનાં કેટલાક પદાધિકારી અને કેટલાક કોર્પોરેટરો પોતાની ફરજ શું છે તે ભુલી ગયા છે. અને સમારોહમાં હારતોરામાં જૂનાગઢ ખાતે આવેલા મોંઘેરા મહેમાનોનાં સ્વાગતમાં કે મંત્રીઓની આગળ-પાછળ લટકતા ફરતા રહી અને પ્રચાર અને પ્રસારમાં રહેલા આવા કથીત પદાધિકારીઓને પ્રજાકીય ફરજનું ભાન કરાવવા માટે ચિંતન શિબિર યોજવાની માંગણી અને લાગણી આમજનતામાંથી ઉઠવા પામી છે.

જૂનાગઢમાં ભાજપ શાસિત મનપાનાં તંત્ર સામે લોકોમાંથી અનેક ફરીયાદો ઉઠવા પામી છે. લોકો તો હવે છડેચોક એવું પણ બોલી રહયા છે કે ગુજરાતનાં અન્ય શહેરો કરતા આપણા જૂનાગઢ શહેરમાં પ્રજાનાં પ્રતિનિધિઓ લોક ફરજને જાણે વિસરી ગયા છે તેવું લાગી રહયું છે. લોકોની પ્રાથમિક સુવિધાઓ પણ પુરી પાડવામાં ઉણા ઉતરેલા સત્તાધિશો સામે જનતામાંથી રોષ જોવા મળી રહયો છે. બે દાયકા ઉપરાંતની કોર્પોરેશનની કામગીરીમાં સરવાળે લોકોને હાયબળતરા સિવાય બીજુ કાંઈ પ્રાપ્ત થયું ન હોવાનો પણ વસવસો રહેલો છે. પ્રજાકીય તંત્ર અને ખાસ કરીને નગરપાલિકામાંથી જયારે મહાનગરપાલિકાનું રૂપાંતર થયું હોય ત્યારે મેયર સહિતનાં પદાધિકારીઓ, કોર્પોરેટરોને માટે આચારસંહિતા, પ્રજાની કામગીરીનાં માપદંડો ચોકકસ નકકી થયા હોય છે. નગરપાલિકા કરતા મહાનગરપાલિકાની વિશેષ જવાબદારી હોય છે. અને સત્તા સ્થાને બેઠેલા શાસક પક્ષને પ્રજાનાં અનેક પ્રશ્નો અંગે નકકર કામગીરી થતી હોય છે પરંતુ જૂનાગઢમાં મહાનગરપાલિકા બન્યા છતાં પણ લોકોને મોટી સંસ્થાનો જોઈએ તેવો લાભ મળી શકયો નથી. એનાં કારણમાં જોવા જઈએ તો જાગૃત નાગરીકો એવું જણાવી રહયા છે કે આજે કોર્પોરેશન તો બન્યું છે પરંતુ મેયર તેમજ કોર્પોરેટરોની ફરજો શું છે તે અંગે જાણે પુરતી માહિતી કેટલાક પદાધિકારીઓને ન હોય તેવું લાગી રહયુંછે. બે દાયકાથી મનપાની આ સફરમાં વિકાસનાં કામો માટેની સરકાર દ્વારા અનેકવાર નાણાંની ફાળવણી થાય છે, વિકાસ કામો હાથ ધરાય છે પરંતુ આ કામો પૂર્ણ થાય તે પહેલાં કંઈકને કંઈક ફરીયાદો ઉઠેલી છે. થોડા વર્ષો પહેલા દામોદર કુંડનાં નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બબ્બે વાર જીર્ણોધ્ધાર કરવામાં આવેલ અને આ કામગીરી અંતર્ગત સારા એવા રૂપિયાનું પાણી થયું હોવાનું કહેવાય રહયુંછે. તો બીજી તરફ હાલ મનપા દ્વારા નરસિંહ મહેતા સરોવરનાં વિકાસની કામગીરી એટલે કે બ્યુટીફેકશનની કામગીરી હાથ ધરવામાં આવી છે તેમાં પણ અનેક અડચણો, અંતરાયો અને અનેક સમસ્યાઓ ઉદભવી છે. આ કામગીરી કયારે પૂર્ણ થશે તે તો આગામી સમય જ દર્શાવી શકશે તેમ મનાય છે. આજે ખાસ એ મુદા ઉપર આપણે ધ્યાન કેન્દ્રીત કરવાનું છે કે જૂનાગઢ મનપામાં ભાજપનું શાસન છે. અને બહુમતીવાળી મનપાની સરકારમાં કેમ કોઈ કામ અસરકારક રીતે થતા નથી તેવો સવાલ જનતામાં સળગતા સવાલની માફક ઉઠવા પામેલ છે. એનું કારણ જોઈએ તો જવાબદારી પૂર્વક કોર્પોરેટરો પોતાની ફરજ અદા કરી શકતા ન હોવાની વ્યાપક ફરીયાદો ઉઠેલી છે. જાણકાર સુત્રોમાંથી મળતી વિગત અનુસાર મનપાનાં કેટલાક કોર્પોરેટરોને ફકત ફોટોસેશનની પરેડમાં હારતોરામાં કે અખબારી યાદીમાં અને પ્રેસનોટમાં પોતાનાં સારા ફોટા આવે એમાં જ રસ છે. બની-ઠનીને વિવિધ સમારોહમાં ગોઠવાઈ જવું. સરકારનાં ઉચ્ચ અધિકારીઓ-પદાધિકારીઓ અને મંત્રીઓ સાથે ફોટો સેશન કરવું એજ મુખ્ય કાર્ય હોય તેવું લાગી રહયુંછે. જૂનાગઢ ખાતે કોઈપણ કામ પ્રસંગે મુખ્યમંત્રી આવે કે વડાપ્રધાન કોઈપણ નેતા આવે ત્યારે તેઓ પહેલા પહોંચી જતા હોય છે ? અને પોતાની માનસિકતા બદલાવી પ્રજાનાં કાર્યો કરવા જોઈએ. પ્રજાનાં પ્રશ્નો સાંભળવાનો કોઈ સમય નથી ! અને જે તે સમયે ફોન સ્વીચ ઓફ આવે છે. કોઈપણ કોર્પોરેટરને ફરીયાદ માટે ફોન કરો તો તે ફોન ઉપાડશે નહીં. જૂનાગઢની જનતા સમક્ષ અત્યાર સુધીનાં શાસનમાં કામગીરીમાં કોર્પોરેટરે તેનાં વોર્ડમાં કઈ કામગીરી કરી છે તેની વિગત પ્રજા સમક્ષ મુકવી જોઈએ. અમુક કોર્પોરેટરોને બોલતા પણ નથી આવડતું તે પ્રજાનાં પ્રતિનિધિ તરીકે લોકોનાં પ્રશ્નોનાં ઉકેલનું શું કરી શકે તે પણ તેનાં ખ્યાલમાં નહીં હોય ! તેવો લોકો પ્રશ્ન પુછી રહયા છે. તેઓ ફકત આવેલા મોંઘેરા મહેમાનોનું સ્વાગત કરવું, તેઓને જૂનાગઢની આસપાસનાં ફરવા લાયક સ્થળો તેમજ રોપ-વેની યાત્રા, ભવનાથ દર્શન કરાવવું અને તેમની સાથે સવારથી સાંજ સુધી હાજરી આપવી અને તેમની સાથે ફોટા પડાવવા એજ મુખ્ય કાર્ય હોય તે મુજબ મનપાનાં ભાજપનાં પદાધિકારી, કેટલાક કોર્પોરેટરો બસ આ જ કામગીરીમાં રહેતા હોય તેવું લોકો બોલી રહયા છે. જૂનાગઢનાં આંગણે કોઈપણ સભા હોય, કોઈપણ સમારોહ હોય ત્યારે સૌથી પહેલા સ્વાગત માટે પહોંચી જનારા આજ પ્રજાનાં પ્રતિનિધિઓ જયારે લોકોની સમસ્યા, લોકોનાં પ્રશ્નો ઉકેલવાની ઘડી આવી જતી હોય છે ત્યારે સૌથી છેલ્લે પહોંચતા હોવાની પણ ફરીયાદો છે. ગુજરાતની ૮ મહાનગરપાલિકા પૈકી જૂનાગઢ મહાનગરપાલિકામાં પ્રજાનાં પ્રતિનિધિઓ જે રીતે જૂનાગઢનો વહીવટ કરી રહયા છે તેવું તો કયાંય થતું નથી. તમે રાજકોટ જોવો, અમદાવાદ જોવો, ગાંધીનગર જોવો કે અન્ય મહાનગરપાલિકા જોવો વિકાસનાં કામો ખુબ જ સારી રીતે થયા છે. અને લોકો પણ પ્રજાનાં પ્રતિનિધિઓને ફુલડે વધાવી રહયા છે. જો કે જૂનાગઢ મનપામાં બધા જ પદાધિકારી કે બધા જ કોર્પોરેટરો કામ નથી કરતા તેમ કહી શકાય નહીં. કારણ કે શાસકપક્ષ ભાજપનાં કેટલાક પદાધિકારી કેટલાક કોર્પોરેટરો તેમજ વિપક્ષનાં કોર્પોરેટરોની પ્રજાકીય કામગીરીને કારણે આમજનતામાં તેઓ સારી અને ખુબ જ લોકચાહના ધરાવે છે. અને પ્રજા તેઓનું માન-સન્માન પણ જાળવે છે. જયારે કેટલાક પદાધિકારીઓ અને કોર્પોરેટરોને ફકત ને ફકત પ્રજાનાં પૈસે ચાલતી ગાડીઓમાં ફરવાનો સતત શોખ છે. ફોટા પડાવવા અને પક્ષની કામગીરી અંતર્ગત શિબિરો, બેઠકોમાં ભાગ લેવો તેજ મુખ્ય કાર્ય હોય તેમ મનાય છે. ત્યારે જૂનાગઢ મનપાનાં એવા એ પદાધિકારીઓને તેમજ કોર્પોરેટરોને તેઓની સાચી ફરજ શું છે તે બાબતનાં પાઠ ભણાવવા માટે જૂનાગઢનાં આંગણે ચિંતન શિબિર યોજવાની છે તેવી લોકોની લાગણી અને માંગણી જોવા મળે છે.

### ઉપરકોટ પાસે જંગલ ખીણ વિસ્તારમાંથી

# ૧૩ વર્ષના બાળકની મળેલ લાશનો ભેદ ઉકેલાયો : ૧૫ વર્ષીય સગીરની ધરપકડ

## ગંજીપત્તાથી રમવા બાબતની બોલાચાલીમાં બનાવ બન્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૫

જૂનાગઢના કિશોરની ઉપરકોટની પ્રવેશદ્વારની ડાબી બાજુ ઉંડી ખીણમાં અવાવરૂ જંગલ વિસ્તારમાંથી લાશ મળી આવી હતી. જે બનાવનો ભેદ ઉકેલી પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી ભેદ ઉકેલી નાખ્યો છે. બનાવની વિગત અનુસાર જૂનાગઢ શહેરના સુખનાથ ચોક ખાતે રહેતા ઈકબાલભાઈ કાદરીનો પુત્ર માહિર (ઉ.વ.૧૩) લાપતા હોવા અંગે પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી. જેની ગતરોજ ઉપરકોટ કિલ્લાની ઘાસવાડા તરફના જંગલા-ખીણ વિસ્તારમાંથી એક હાથ કપાયેલ હાલતમાં લાશ મળી આવી હતી તથા નજીકમાં આવેલ ફોરેસ્ટ કવાર્ટર પાસેથી તેનું જયુપીટર સ્કુટર મળી આવ્યું હતું. જેથી આ બનાવમાં તેને કોઈકે ખાઈમાં ધક્કો મારી હત્યા કરાઈ હોવાની શંકાઓ વ્યકત કરાઈ હતી. આ અંગેની જાણ થતા જૂનાગઢ એસપી રવિ તેજા વાસમ શેટ્ટી, ડીવાયએસપી હિતેશ ધાંધલિયા, એ ડીવીઝન પીઆઈ વાઢેર, એસઓજી, એલસીબી તેમજ નેત્રંગ શાખાના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને લાશનો કબ્જો લઈ પીએમ માટે મોકલી દીધી હતી અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસની વિવિધ ટીમો બનાવાઈ હતી. જેમાં ક્રાઈમ બ્રાંચ જૂનાગઢના ઈ.ચા.પો.ઈ. જે.જે. પટેલ તથા એ ડીવીઝન પો.સ્ટ.ના પો.ઈ. એમ.એમ. વાઢેર તથા ક્રાઈમ બ્રાંચ જૂનાગઢ તથા એ ડીવીઝનના પો.સ્ટે.નો સ્ટાફ તપાસમાં હતો. બનાવ સ્થળની મુલાકાત કરી ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સેલના માધ્યમની તપાસ કરતા હતા ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે, આ બનાવમાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર (ઉ.વ.૧૫) રહે.જૂનાગઢ તાર બંગ્લા પાસે, જુના તાલુકા પોલીસ સ્ટેશન પાસે સંડોવાયેલ છે અને હાલ તે કુંભારવાડા ખાતે હોવાની બાતમી આધારે તપાસ કરતા તે મળી આવેલ તેની મૌખિક પુછપરછ કરતા મૃતક માહિર સાથે ગંજીપત્તાથી રમવામાં પૈસા બાબતે બોલાચાલી થયેલ જેથી તેણે માહિરને ધક્કો મારી ખીણમાં નીચે પછાડી દઈ માથાના ભાગે પથ્થર મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવ્યાનું જણાવતા આરોપી કિશોરને એ ડીવીઝન પો. સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. આ અંગે આરોપી કિશોર સામે ઈપીકો કલમ ૩૦૨ તથા જી.પી. એકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પો.ઈ. એમ.એમ. વાઢેર ચલાવી રહ્યા છે.

# કેસર કેરીનાં જન્મ દિવસ મેંગો ડે નિમિત્તે એક દિવસીય વર્કશોપ 'કેસરની રાણી કેસર' યોજાયો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૫

ફળ પાકોમાં કેરી એ એક ખુબ જ અગત્યનો ફળપાક છે. જેને ફળોનો રાજા પણ કહેવામાં આવે છે. કેરીમાં વિશ્વ લેવલે અનેક જાતો છે. પરંતુ તેમાં આપણા દેશ રાજય તેમજ સૌરાષ્ટ્રની ગૌરવવંતી જાત કોઈ હોય તો તે કેસર છે. તેના રૂપ, રંગ અને ગુણને કારણે કેરીની રાણીનું ઉપનામ આપવામાં આવેલ છે. આ કેરીની રાણીનો જન્મ તા. ૨૫-૫-૧૯૩૪નાં રોજ જૂનાગઢની ધીંગીધરા ઉપર થયેલ હતો. જે અન્વયે આ જાતનું જૂનાગઢ કૃષિ યુનિ. જૂનાગઢ દ્વારા જીઆઈ ટેગ પણ કરવામાં આવેલ છે. આ વિરલ ઘટનાને યાદ કરવા માટે તા. ૨૫-૫-૨૩નાં રોજ મેંગો ડે રાખવામાં આવેલ હતો. જૂનાગઢ કૃષિ યુનિ. જૂનાગઢનાં કુલપતિ ડો. વી.પી. ચોવટીયાની પ્રેરણાથી અને તેમનાં અધ્યક્ષ સ્થાને કેરીની રાણી કેસર વિષય ઉપર એક વર્કશોપનું આયોજન સકકરબાગ ફાર્મ, ફળ વિદ્યા વિભાગ, બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુની. જૂનાગઢ ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ભગવાનજીભાઈ બારડ ધારાસભ્ય ઉપસ્થિત રહયા હતાં. આ કાર્યક્રમની શરૂઆત સ્વાગત પ્રવચનથી કરેલ હતી. અને મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી દિપ પ્રાગટય કરી કેસર કેરીનો ઈતિહાસનું પ્રવચન ડો. ડી.કે. વરૂ, આચાર્ય અને ડીન બાગાયત મહાવિદ્યાલય દ્વારા આપવામાં આવેલ હતું. કેસર કેરી સામેનાં પડકારો વિષે સંજયભાઈ વાગડીયા, પ્રગતિશીલ ખેડૂતે ખુબ સારી રીતે સમજાવેલ હતું. પ્રાસંગીક ઉદબોધન ડો. એમ.એમ. ગાજીપરાએ કરેલ હતું. અતિથિ વિશેષનું ઉદબોધન ડો. અનીલ રાણાવાસીયા કલેકટરશ્રીએ કરેલ હતું. મહેમાનોનું ઉદબોધન ભગવાનભાઈ બારડ અને અધ્યક્ષનું ઉદબોધન ડો. વી.પી. ચોવટીયાએ કરેલ હતું. આ વર્કશોપમાં ખેડૂત સ્ટેક હોલ્ડર સાથે ઈન્ટ્રેકશન-પ્રશ્નોતરી કરી અંતે આભાર દર્શન ડો. જે.એમ. પરસાણાએ કર્યુ હતું.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

સ્વાદપ્રિય જનતા માટે....

ગુજરાતી થાળી - સાઉથ ઈન્ડીયન



લિજ્જત પાઉંભાજી

જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સની સામે, કાળવા ચોક, જૂનાગઢ

મો. ૯૪૨૭૭ ૩૩૩૪૪



ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


# જૂનાગઢની જાણીતી શિક્ષણ સંસ્થા આલ્ફા ઈન્ટર નેશનલ સ્કુલનું ધો.૧૦નું રેકોર્ડ બ્રેક ૯૫ ટકા પરિણામ : અભિનંદન





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૫

જૂનાગઢની જાણીતી શૈક્ષણીક સંસ્થા આલ્ફા ઈન્ટરનેશનલ સ્કુલ કે જે જાણીતાં શિક્ષણવિદ જી.પી. કાઠીનાં વડપણ હેઠળ ચાલતી આ સ્કુલનાં વિદ્યાર્થીઓ દર વર્ષે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરે છે. આજે પણ ધો. ૧૦નું પરીણામ જાહેર થતાં આલ્ફા ઈન્ટરનેશનલ સ્કુલનું ૯૫ ટકા રેકોર્ડ બ્રેક પરીણામ આવેલ છે. અને બોર્ડમાં પણ આ સંસ્થાનાં તેજસ્વી વિદ્યાર્થીનીઓએ સ્થાન પ્રાપ્ત કર્યુ છે ત્યારે અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

રાજયમાં માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધો.૧૦ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થતા ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર થયું છે. રાજયના ૯૫૮ કેન્દ્રો ઉપરથી આ પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં જૂનાગઢ જીલ્લાનું ૬૯.૬૫ ટકા પરિણામ આવ્યું છે. જયારે જૂનાગઢની જાણીતી શૈક્ષણિક સંસ્થા આલ્ફા ઈન્ટરનેશનલ સ્કુલનું રેકોર્ડબ્રેક ૯૫ ટકા પરિણામ જાહેર થયું છે. બોર્ડના ટોપ-૧૦માં બે વિદ્યાર્થીનીઓ ઝળકી ઉઠી છે. જયારે એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર કુલ ૧૮ વિદ્યાર્થીઓ છે. જયારે એ-૨ ગ્રેડ પ્રાપ્ત કરનાર ૨૫ વિદ્યાર્થીઓ આ સંસ્થાના છે. આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલના ભાદરકા દેવાંગી માલદે ૯૯.૯૬ પીઆર સાથે ૯૫.૫૦ ટકા પ્રાપ્ત કરી સમગ્ર બોર્ડમાં ચોથા ક્રમે આવેલ છે. જયારે ચાવડા સ્તુતિબેન વસંતભાઈ ૯૯.૯૨ પીઆર મેળવી ૯૪.૬૭ ટકાવારી પ્રાપ્ત કરી અને બોર્ડમાં આઠમો ક્રમ મેળવ્યો છે. અંગ્રેજી માધ્યમનું માર્ચ ૨૦૨૩ ધો.૧૦નું પરિણામ ૮૭.૫૦ ટકા આવેલ છે. આલ્ફા ઈન્ટર નેશનલ સ્કુલના તમામ ટીચર અને સંચાલક જી.પી. કાઠી દ્વારા તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવેલ છે.

## મેંદરડા : તસ્કરોનો હાથફેરો : સોનાના દાગીનાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૫

મેંદરડા તાલુકાના સીમાસી ગામના મુળ રહેવાસી અને હાલ સુરત રહેતા નિધીબેન ભાવેશભાઈ વણપરીયાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, કોઈ અજાણ્યા શખ્સે ફરિયાદીએ રાખેલ સોનાના નેકલેશ, હાથમાં પહેરવાના બ્રેસલેટ, સોનાનો ચેઈન, સોનાનો પેન્ડલ સેટ નંગ-૧, રૂા.૨ લાખના ઘરેણા જે બોકસમાં રાખેલ હોય તે બોકસની ચોરી કોઈ કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.





